# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૨ * અંક-૭ * માર્ચ, ૨૦૨૪

## ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો

# ૯૨મો

# સમ્યક્ત્વજયંતી મહોત્સવ

તા. ૩૧-૩-૨૦૨૪,
રવિવાર
થી
તા. ૪-૪-૨૦૨૪,
ગુરુવાર



## આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે મુનિ, આ અપવિત્ર શરીરથી પોતાના આત્માને ભિન્ન જ્ઞાયકસ્વરૂપ જાણે છે તેણે સર્વ શાસ્ત્રો જાણ્યાં. ૨૦. (શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૪૬૩)

● પ્રથમ તો હું સ્વભાવથી જ્ઞાયક જ છું, કેવળ જ્ઞાયક હોવાથી મારે વિશ્વની (સમસ્ત પદાર્થોની) સાથે પણ સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણસંબંધ જ છે, પરંતુ બીજા સ્વસ્વામિલક્ષણાદિ સંબંધો નથી; તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી, સર્વત્ર નિર્મમત્વ જ છે. ૨૧. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૦૦)

● જીવ ભિન્ન છે અને પુદ્‌ગલ ભિન્ન છે, આટલો જ તત્ત્વ-કથનનો સાર છે. (એના સિવાય) બીજું જે કાંઈ કહેવાય છે, તે એનો જ વિસ્તાર છે. ૨૨.

(શ્રી પૂજ્યપાદસ્વામી, ઈષ્ટોપદેશ, ગાથા-૫૦)

● હે જીવ! ‘હું અકિંચન છું અર્થાત્ મારું કાંઈ પણ નથી’ એવી સમ્યક્ ભાવનાપૂર્વક તું નિરંતર રહે, કારણ કે એ જ ભાવનાના સતત ચિંતવનથી તું ત્રૈલોક્યનો સ્વામી થઈશ. આ વાત માત્ર યોગીશ્વરો જ જાણે છે. એ યોગીશ્વરોને ગમ્ય એવું પરમાત્મતત્ત્વનું રહસ્ય મેં તને સંક્ષેપમાં કહ્યું. ૨૩.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૧)

● આત્માને એકરૂપ શ્રદ્ધવો અથવા એકરૂપ જ જાણવો જોઈએ તથા એકમાં જ વિશ્રામ લેવો જોઈએ, નિર્મળ-સમળનો વિકલ્પ ન કરવો જોઈએ. એમાં જ સર્વસિદ્ધિ છે, બીજો ઉપાય નથી. ૨૪.(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર પદ-૨૦)

● સિદ્ધગતિમાં જેવા સર્વમલરહિત જ્ઞાનસ્વરૂપી સિદ્ધભગવાન બિરાજમાન છે, તેવા જ દેહની અંદર બિરાજમાન પરમબ્રહ્મ સ્વરૂપ પોતાનો આત્મા જાણવો જોઈએ. ૨૫. (શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૨૬)

● હે દેવ ! તું દેવનું આરાધન કરે છે પણ તારા પરમેશ્વર ક્યાં ચાલ્યા ગયા ? જે શિવ-કલ્યાણરૂપ પરમેશ્વર સર્વાંગમાં બિરાજી રહ્યા છે તેને તું કેમ ભૂલી ગયો ? ૨૬. (શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૫૦)

● ભલે ૧૧ અંગ સુધીના શાસ્ત્રો હંમેશા ભણ્યા કરે પણ જે આત્મતત્ત્વનો બોધ નથી કરતો તથા જિનદેવ સમાન નિજાકારને પોતામાં નથી દેખતો, તે જીવ કલ્યાણ-પ્રાપ્તિને માટે યોગ્ય નથી. ૨૭. (શ્રી નેમિશ્વર-વચનામૃત શતક, શ્લોક-૫૨)

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

વર્ષ–૧૮ અંક–૭

વિ. સંવત ૨૦૮૦

March A.D. 2024

આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર



# પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૨ મી સમ્યક્ત્વજયંતી નિમિત્તે વચનામૃતમાંથી વીણેલા બોલ

✻ શુદ્ધ દ્રવ્ય પર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે. તે ન પ્રગટે ત્યાં સુધી અને પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, સ્વાધ્યાય આદિ સાધન હોય છે. બાકી, જે જેમાં હોય તેમાંથી તે આવે છે, જે જેમાં ન હોય તેમાંથી તે આવતું નથી. અખંડ દ્રવ્યના આશ્રયે બધું પ્રગટે. દેવ-ગુરુ માર્ગ બતાવે, પણ સમ્યગ્દર્શન કોઈ આપી દેતું નથી. ૧

✻ સમ્યગ્દૃષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી. જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના—બધું નિઃસાર, ફોતરાં સમાન, રસ-કસ વગરનું હોય એવા ભાવે—બહાર ઊભા છે. ૨

✻ સમ્યગ્દૃષ્ટિને એવો નિઃશંક ગુણ હોય છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોય અનુભવમાં શંકા થતી નથી. ૩

✻ જ્ઞાનીને દૃષ્ટિ દ્રવ્યસામાન્ય ઉપર જ પડી હોય છે, ભેદજ્ઞાનની ધારા સતત વહે છે. ૪

✻ શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ. વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી. એકને ગ્રહણ કર્યું તેમાં

બધું આવી જાય છે. દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન વિવેક કરે છે. ૫

* સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે, 'આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે. ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તોપણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો. ૬

* દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે—નિર્લેપ છે. જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. 'આ બધા જે કષાયો—વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું' એમ ઓળખે—પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે. ૭

* ચૈતન્યમાં સંપૂર્ણપણે જો અત્યારે જ ઠરી જવાતું હોય તો બીજું કાંઈ જોઈતું નથી એવી સમ્યગ્દૃષ્ટિની ભાવના હોય છે. ૮

* જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે તેને—ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તોપણ— સમ્યક્ત્વ-સન્મુખતા થાય છે. અંદર દૃઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, ઉપયોગ બારીકમાં બારીક કરે, ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે, તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. ૯

* સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં ધારી રાખે છે, ટકાવી રાખે છે, સ્થિર રાખે છે—એવી સહજ દશા હોય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને તેમ જ મુનિને ભેદજ્ઞાનની પરિણતિ તો ચાલુ જ હોય છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને તેની દશાના પ્રમાણમાં ઉપયોગ અંતરમાં જાય છે તેમ જ બહાર આવે છે; મુનિરાજને તો ઉપયોગ બહુ ઝડપથી વારંવાર અંદર ઊતરી જાય છે. ભેદજ્ઞાનની પરિણતિ—જ્ઞાતાધારા—બંનેને ચાલુ જ હોય છે. તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી. અવિરત સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાન પ્રમાણે અને મુનિને છઠ્ઠા-સાતમા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્ત્યા કરે છે. પુરુષાર્થ વિના કાંઈ પરિણતિ ટકતી નથી. સહજ પણ છે, પુરુષાર્થ પણ છે. ૧૦

* દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર

ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી. જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે. ૧૧

* જ્ઞાનીને દૃષ્ટિ-અપેક્ષાએ ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે, જોકે તે જ્ઞાનમાં જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે. ૧૨

* સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો. તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ કચરો કાઢતાં ઓછો વખત લાગે, મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે; પરંતુ બંને વહેલામોડા બધો કચરો કાઢી કેવળજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરશે જ. ૧૩

* જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે તેને ગમે તેવા પરિષહમાં આત્મા જ વિશેષ લાગે છે. ૧૪

* શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પૃષ્ટ-આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ચૌદ બ્રહ્માંડના ભાવો એમાં આવી ગયા. મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન, મોક્ષ વગેરે બધું જાણી લીધું. 'સર્વગુણાંશ તે સમકિત' —અનંત ગુણોનો અંશ પ્રગટ્યો; આખા લોકાલોકનું સ્વરૂપ જણાઈ ગયું.

જે માર્ગે આ સમકિત થયું તે જ માર્ગે મુનિપણું ને કેવળ થશે—એમ જણાઈ ગયું. પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ; આ જ માર્ગે દેશવિરતિપણું, મુનિપણું, પૂર્ણ ચારિત્ર ને કેવળજ્ઞાન—બધું પ્રગટ થશે.

નમૂનામાં પૂરા માલનો ખ્યાલ આવે. ચંદ્રની બીજની કળામાં આખો ચંદ્રમા ખ્યાલમાં આવે. ગોળની એક કણીમાં આખા રવાનો ખ્યાલ આવે. ત્યાં (દૃષ્ટાંતમાં) તો જુદાં જુદાં દ્રવ્ય ને આ તો એક જ દ્રવ્ય. માટે સમકિતમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા. એ જ માર્ગે કેવળ. જેમ અંશ પ્રગટ્યો તેમ જ પૂર્ણતા પ્રગટશે. માટે શુદ્ધનયની અનુભૂતિ એટલે કે શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે. ૧૫

* નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે. તું કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા. આત્મા સદા એકલો જ છે, પોતે સ્વયંભૂ છે. મુનિઓના મનની ગતિ નિરાલંબન છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની નિરાલંબન ચાલ પ્રગટ થઈ તેને કોઈ રોકવાવાળું નથી. ૧૬

✻ નિર્વિકલ્પ દશામાં 'આ ધ્યાન છે, આ ધ્યેય છે' એવા વિકલ્પો તૂટી ગયા હોય છે. જોકે જ્ઞાનીને સવિકલ્પ દશામાં પણ દૃષ્ટિ તો પરમાત્મતત્ત્વ પર જ હોય છે, તોપણ પંચ પરમેષ્ઠી, ધ્યાતા-ધ્યાન-ધ્યેય ઈત્યાદિ સંબંધી વિકલ્પો પણ હોય છે; પરંતુ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં વિકલ્પજાળ છૂટી જાય છે, શુભાશુભ વિકલ્પો રહેતા નથી. ઉગ્ર નિર્વિકલ્પ દશામાં જ મુક્તિ છે.—એવો માર્ગ છે. ૧૭

✻ પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે. માર્ગ બતાવનાર ગુરુ મળ્યા અને વાણી સાંભળવા મળી તે મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય છે. દરરોજ સવાર-બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્ત્વ સાંભળવા મળે છે એના જેવું બીજું કયું સદ્ભાગ્ય હોય? શ્રોતાને અપૂર્વતા લાગે અને પુરુષાર્થ કરે તો તે આત્માની સમીપ આવી જાય અને જન્મ-મરણ ટળી જાય—એવી અદ્ભુત વાણી છે. આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે. પંચમ કાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે! ૧૮

✻ સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે; જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી પરિણમે છે; અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે. ૧૯

✻ તીર્થંકરભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન–નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઈત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમનાં ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો. ૨૦.

✻ સમ્યગ્દૃષ્ટિને અખંડ તત્ત્વનો આશ્રય છે, અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય તો સાધકપણું જ ન રહે. દૃષ્ટિ તો અંદર છે. ચારિત્રમાં અપૂર્ણતા છે. તે બહાર ઊભેલો દેખાય પણ દૃષ્ટિ તો સ્વમાં જ છે. ૨૧.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(સમયસાર ગાથા-૩૨૦ જયસેનાચાર્ય ટીકા ઉપર પ્રવચન)
(ગતાંકથી આગળ)

## * દ્રવ્યથી નિરપેક્ષપણે પર્યાયનું સ્વતંત્ર પરિણમન *

શુદ્ધોપયોગ-આનંદની દશાનું વેદન તે પણ કોઈ અપેક્ષાએ એટલે કે તે ત્રિકાળ ટક્તું નથી એ અપેક્ષાએ શુદ્ધ પારિણામભાવથી ભિન્ન છે. સંવર અધિકારમાં કહ્યું છે કે પુણ્ય-પાપના ભાવ એટલે કે વ્યવહારરત્નત્રયનો જેટલો ભાવ છે તે આત્મામાં ક્ષેત્રથી ભિન્ન છે, ભાવ તો ભિન્ન છે પણ એના પ્રદેશો પણ ભિન્ન છે, કેમકે પ્રભુ આનંદનું દળ છે, તેમાંથી વિકાર ઉત્પન્ન થતો નથી તેથી તેનું ક્ષેત્ર ત્રિકાળીના ક્ષેત્રથી ભિન્ન છે. અસંખ્ય-પ્રદેશી પ્રભુમાં જે દયા-દાનના વિકલ્પ ઊઠે છે તે સ્વભાવથી તો ભિન્ન છે, પણ તે ક્ષેત્રથીયે ભિન્ન છે. ચિદ્‌વિલાસમાં તો એમ કહ્યું છે કે પર્યાય-પર્યાયને લઈને છે, દ્રવ્યને લઈને નહીં, મોક્ષનો માર્ગ છે તે પર્યાય છે. તે પર્યાયનો કર્તા પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું દાન દીધું તે પર્યાય, પર્યાયમાંથી પર્યાય થઈ ને પર્યાયના આધારે પર્યાય થઈ, દ્રવ્યના કારણે પર્યાય થઈ નથી.

## * ક્ષણિક પર્યાયથી કથંચિત્ ભિન્ન ત્રિકાળ ટકતું ધ્રુવતત્ત્વ *

અહીં તો કહે છે કે આનંદનો નાથ પ્રભુ નિજપરમાત્મદ્રવ્યથી નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય કથંચિત્ ભિન્ન છે, કેમ કે ત્રિકાળી તત્ત્વ કાયમી ટકતું તત્ત્વ છે ને આ એક સમયની પર્યાય ક્ષણિક છે. મોક્ષમાર્ગની પર્યાય છે ને ક્ષણિક સંપદા છે પણ જ્યાં પૂરી સંપદા પડી છે એવા નિત્યાનંદ પ્રભુ શુદ્ધાત્મદ્રવ્યથી મોક્ષની પર્યાય – આનંદના લાભની પર્યાય કથંચિત્ ભિન્ન છે. મોક્ષમાર્ગની પર્યાયથી મોક્ષ મળે તેમ કહેવું તે વ્યવહાર છે. મોક્ષની પર્યાય સ્વતંત્રપણે પોતે પોતાથી પોતાને પ્રાપ્ત કરે છે, મોક્ષમાર્ગના કારણે મોક્ષની પર્યાય થાય તેમ કહેવું તે વ્યવહાર છે. મોક્ષમાર્ગની તે પર્યાય પણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે.

છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,
—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.

પરમાગમ
શ્રી નિયમસાર

## ✻ વિષયી વિષયથી કથંચિત્ ભિન્ન શા માટે ? ✻

મોક્ષના માર્ગની પર્યાય કે જે અતીન્દ્રિય આનંદનો અપૂર્વ સ્વાદ તે પર્યાય છે; વ્યવહાર મોક્ષમાર્ગ તો કથનમાત્ર છે પણ જે સાચો મોક્ષમાર્ગ અંતરમાં પ્રગટ્યો તે શુદ્ધ ત્રિકાળી ભાવથી કથંચિત્ ભિન્ન છે કેમ કે મોક્ષમાર્ગની પર્યાયનો કાળ એક સમયનો છે અને પારિણામિકભાવ ત્રિકાળી છે. મોક્ષના માર્ગની નિશ્ચય અવસ્થા-વીતરાગી પર્યાય કે જેના કારણે મોક્ષ થાય એમ કહેવાય એવી પર્યાય શુદ્ધ પારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. સમ્યગ્દર્શનની પર્યાય પણ કથંચિત્ ભિન્ન છે અને સમ્યગ્દર્શનની પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી, સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ-ભૂતાર્થસ્વભાવ છે. સમ્યગ્દર્શન છે તે વિષયી છે ને ધ્રુવ ત્રિકાળી સ્વભાવ સત્યાર્થ છે તે વિષય છે, વિષયી છે તે વિષયથી કથંચિત્ ભિન્ન છે.

મોક્ષમાર્ગની પર્યાય શા માટે ભિન્ન છે ? કથંચિત્ ભિન્ન કહો છો તેનું કારણ શું ? —કે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ તે ભાવરૂપ છે ને મોક્ષમાર્ગની પર્યાય છે તે ભાવનારૂપ છે. મોક્ષમાર્ગની પર્યાય ત્રિકાળી ભાવરૂપ નથી. મોક્ષમાર્ગની પર્યાય છે તે દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કેમ છે ?—કે તે ભાવનારૂપ છે, તે વર્તમાન ભાવનારૂપ છે પણ ત્રિકાળી ભાવરૂપ નથી. ત્રિકાળી પારિણામિકને ભાવ કહીએ, પારિણામિક કહીએ, ધ્રુવ કહીએ, સદશ કહીએ અને આ પર્યાય છે તે વિસદશ છે, કેમ કે તે ઉત્પન્ન-વ્યયયુક્ત છે, મોક્ષનો માર્ગ પણ ઉત્પન્ન-વ્યય-યુક્ત છે. એક સમયે ઉત્પન્ન થાય ને બીજા સમયે વ્યય થાય છે. ભાવરૂપ જે ત્રિકાળી ભગવાન, તેની સન્મુખ થઈને પ્રગટેલી દશા છે તે ભાવનારૂપ છે, ત્રિકાળી ભાવરૂપ નથી અને શુદ્ધ પારિણામિકભાવ છે તે ભાવનારૂપ નથી. આ જે કહેવાય છે તે ભાષાના ભાવને પકડવો જોઈએ. શુદ્ધ પારિણામિકભાવ છે તે ભાવનારૂપ નથી, તે વર્તમાન પર્યાયરૂપ નથી, મોક્ષના કારણ રૂપ જે અબંધ પરિણામ છે તે ભાવનારૂપ છે ને ત્રિકાળ શુદ્ધ પારિણામિક તે ભાવનારૂપ નથી, એ તો ભાવ છે. રાગ તો ક્યાંય દૂર રહી ગયો પણ મોક્ષનો માર્ગ ભાવનારૂપ હોવાથી તે શુદ્ધ પારિણામિકભાવથી ભિન્ન છે.

## ✻ મોક્ષમાર્ગની પર્યાયને પારિણામિકભાવ અભિન્ન હોય તો ? ✻

મોક્ષનો માર્ગ વીતરાગી શુદ્ધોપયોગી પર્યાય એ જો શુદ્ધ પારિણામિકભાવથી

> જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,
> જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.

એકમેક હોય તો, મોક્ષનો પ્રસંગ બનતા-મોક્ષ થતાં મોક્ષમાર્ગની પર્યાયનો વિનાશ થાય છે, જો આ ભાવના—મોક્ષમાર્ગ પારિણામિક સાથે અભિન્ન હોય, એકમેક હોય, તો મોક્ષની પર્યાય થતાં મોક્ષમાર્ગની પર્યાય નાશ થાય છે તેની સાથે દ્રવ્યનો નાશ થવો જોઈએ—દ્રવ્યનો નાશ થઈ જાય! જો તે પર્યાય ત્રિકાળીથી એકમેક હોય તો મોક્ષ થતાં એ પર્યાયનો તો નાશ થાય છે. સંવર, નિર્જરાની પર્યાય નાશવાન છે, કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે, કેમ કે પર્યાય એક સમયની મુદતની છે, પહેલે સમયે જે કેવળજ્ઞાન છે તે બીજે સમયે ન રહી શકે કેમ કે તે એક સમયની મુદતવાળી છે, ભગવાન આત્મા કાયમ રહેનાર અનાદિ અનંત છે.

શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્માની સન્મુખના ઉપયોગરૂપ મોક્ષમાર્ગ ભાવનારૂપ હોવાથી જો તે ચૈતન્યના ત્રિકાળ સ્વભાવથી અભિન્નરૂપ હોય તો મોક્ષ થતાં એ પર્યાય નાશ થાય છે ત્યારે શુદ્ધ પારિણામિક પણ નાશ થાય. મોક્ષનો માર્ગ છે તે ભાવનારૂપ છે પણ ભાવરૂપ નથી, ત્રિકાળી ભાવના લક્ષે થયેલી તે ભાવના અને ભાવ એક નથી, જો એક હોય તો ભાવનાનો નાશ થઈને મોક્ષ થાય ત્યારે ભાવરૂપ પારિણામિક પણ નાશ થઈ જાય.

ભગવાન આત્મા પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય એવી ચીજ છે પણ જે ચીજ જણાય છે તે જાણનારી પર્યાયથી કથંચિત્ ભિન્ન છે. કેમ કે જો અભિન્ન હોય તો તે પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થઈ જાય. મોક્ષના કારણરૂપ મોક્ષમાર્ગની પર્યાય એમ અહીં કહ્યું છે પણ ખરેખર તો મોક્ષની પર્યાય છે તે મોક્ષના કારણભૂત મોક્ષમાર્ગથી પ્રગટતી નથી, કારણ કે તે સમયની મોક્ષની પર્યાય ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર ઉત્પન્ન થાય છે, પૂર્વની મોક્ષમાર્ગની પર્યાયની બળજોરીથી ઉત્પન્ન થાય છે તેમ નથી. પરંતુ અહીં તો પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે તે વાત સમજાવવી છે તેથી મોક્ષનું કારણ ત્રિકાળી દ્રવ્ય નથી પણ મોક્ષમાર્ગની પર્યાય છે તેમ કહ્યું છે. જો મોક્ષમાર્ગની પર્યાય અને વસ્તુ અભિન્ન હોય તો વસ્તુ જ ન રહે, શુદ્ધ પારિણામિકભાવનો પણ નાશ થાય, પણ એમ તો બનતું નથી. કેમ કે સત્પણું છે તે ક્યાં જાય? અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ તો અવિનશ્વર હોવાથી તેનો નાશ થતો નથી અને પર્યાય નાશ થઈ જાય છે તેથી શુદ્ધ પર્યાયથી દ્રવ્ય કથંચિત્ ભિન્ન છે. (ક્રમશઃ) ❋

સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,
અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૧-૩૨, ગાથા - ૨૮)

## મન-વચન-કાયામાં મમત્વથી સંસાર, નિર્મમત્વથી મુક્તિ

જુઓ ! આ ઈષ્ટઉપદેશ છે. પરપદાર્થનો સંબંધ છોડીને સ્વભાવનો સંબંધ કરવો તે આત્માને હિતકર છે એવો ઉપદેશ તે ઈષ્ટ ઉપદેશ છે અને પરસંબંધથી લાભ માનવો તે અહિતકર-અનિષ્ટ ઉપદેશ છે.

એક તરફ રામ અને એક તરફ ગામ છે. એક તરફ ભગવાન આત્મા અનંત આનંદનો પિંડ મહાપદાર્થ છે. તે સ્વપદાર્થનો સંગ સુખદાયક છે. એવો સંતોનો ઉપદેશ તે હિતકર-ઈષ્ટ ઉપદેશ છે અને પરસંગથી લાભ થાય એવો ઉપદેશ તે અનિષ્ટ ઉપદેશ છે અને પરથી લાભ માનવાનો ભાવ પણ અહિતકર છે. વીતરાગ પોતે એમ કહે છે કે ભાઈ ! અમારી તરફનો તારો ઝુકાવ એ પણ અહિતકર છે. આ તો ગજબ વાત છે ને ! ‘અમે પણ બાપુ ! તારા હિસાબે પરદ્રવ્ય છીએ.’ આવી વાત વીતરાગ સિવાય બીજું કોણ કહે? વીતરાગ કહે છે ભાઈ ! તારું તત્ત્વ બધાંથી નિરાળું છે. દ્રવ્યકર્મના ઉદયથી મળેલ સંયોગોથી તારું તત્ત્વ નિરાળું છે. તારું તત્ત્વ તો સ્વભાવની અનંતી શાંતિથી સહિત છે— એવા નિજતત્ત્વનો આશ્રય કરી તું તેમાં લપેટાઈ જા. ભાઈ ! સ્વદ્રવ્યના આશ્રયથી જ સુગતિ છે, પરદ્રવ્યના આશ્રયથી તો દુર્ગતિ છે.

ભગવાન આત્મા પોતે કૃપાસાગર છે તેને બીજાની કૃપા બહારથી લેવા જવી પડતી નથી ‘કરુણા હમ પાવત હૈ તુમકી વહ બાત રહી સુગુરુગમકી.’ અંદરના ભગવાનની જેને કૃપા થઈ છે તેને ભગવાનની કૃપા થઈ તેમ કહેવામાં આવે છે.

ભગવાન આત્મા મન-વચન-કાયાથી ભિન્ન છે એ પ્રકારનો અભ્યાસ કરવાથી મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે અને મન-વચન-કાયાથી આત્મા અભિન્ન છે એવા અભ્યાસથી દુઃખરૂપ સંસારની પ્રાપ્રિ થાય છે. આ તો ભાઈ ! ઠરીને સાંભળવા જેવી વાત છે.

પ્રશ્ન :—આપ કહો છો કે પરદ્રવ્યનો સંગ ન કરવો પણ અમે આ દુકાન માંડીને બેઠા છીએ તેનું શું કરવું ? લગ્ન કર્યા, પુત્રાદિ થાય તેનું શું કરવું ? બધાંને ઠેકાણે તો પાડવા કે નહિ ?

**સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં;**
**સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.**

પૂજ્ય ગુરુદેવશ્રી :—અરે ભાઈ ! તું તારા મન-વચન-કાયામાં પણ કાંઈ ફેરફાર કરી શકતો નથી, તો પરદ્રવ્યનું કાર્ય કરવા ક્યાં દોડ્યો છો ? દરેક દ્રવ્યનું કાર્ય તેનામાં સ્વયં થાય છે તેના કર્તા તું નથી ભાઈ ! શરીરાદિ કોઈ પર પરદ્રવ્યમાં હું કાંઈ કરી શકું છું એમ માનવું તે મોટી ભ્રમણા છે.

પ્રશ્ન :—એ ભ્રમણા કાઢી નાખીએ તો પગ દુખતા હોય તે મટી જાય કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અરે ! પણ એ તારી ચીજ જ નથી તો એ મટે કે ન મટે તેથી તારે શું ? પોતાનો બંગલો બળતો હોય તેને હારે તે બરાબર પણ જંગલમાં ખાલી ઝુંપડી કોઈની પડી હોય તે બળી જતી હોય તે બળી જતી હોય તે ઠારીને તારે શું મતલબ ? તેમ આત્મા વિનાના ખાલી ઝૂંપડા જેવા જડ શરીરમાં કાંઈ રોગ થાય તેને દૂર કરવાથી આત્માને શું લાભ થાય ? આત્માને શરીર જ નથી, રોગ જ નથી, પછી દુઃખ શા ? આત્માનું દુઃખ તો એ રોગ, શરીરમાં સંબંધ માનવો તે છે.

શ્લોકમાં એકદમ સાર કહી દીધો છે કે ‘મન-વચન-કાયા’ મારા છે એવા સંસાર છે અને ‘મન-વચન-કાયા’ મારા નથી એવા અભ્યાસથી મોક્ષ છે. હવે તને ઠીક પડે તેમ કર !

## ભેદવિજ્ઞાનનો મહાપ્રતાપ

આ શ્રી ઈષ્ટોપદેશ શાસ્ત્ર ચાલે છે. પૂજ્યપાદસ્વામીએ તેની રચના કરી છે. તેમાં ૨૮મી ગાથા ચાલે છે.

‘આ સંસારમાં દેહાદિના સંયોગથી પ્રાણીઓને દુઃખ-સમૂહ ભોગવવા પડે છે. માટે મન-વચન-કાયાથી થતા સર્વ સંબંધને હું છોડું છું.’

જ્યાં સુધી જીવ શરીર, વાણી તથા મન મારા છે—એમ માને છે ત્યાં સુધી સંસાર છે અને જ્યારે ‘તે મારા નથી’ એવી બુદ્ધિ કરે છે ત્યારે મુક્તિ થાય છે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદ, સહજાનંદ, અમૂર્ત શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. તેને છોડીને મન, વાણી અને દેહ તે મારા છે અથવા એ મારી ચીજ છે. તેનાથી હું કામ લઈ શકું છું એવી માન્યતા છે ત્યાં સુધી મિથ્યાદર્શન અને સંસાર છે.

ભગવાન આત્મા સત્ ચિદાનંદ શુદ્ધ જ્ઞાયકજ્યોત સ્વરૂપ છે. તેનું પોતાનું અસ્તિત્વ શુદ્ધ અને પવિત્ર છે એવી અંતરદૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન-પ્રથમ ધર્મ છે, તેથી

**ચઉગતિભ્રમણ નહિ, જન્મ મરણ ન, રોગ શોક જરા નહીં,**
**કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૨.**

વિરુદ્ધ શરીર મારું છે, મનથી મને જ્ઞાન થાય છે, વાણીથી હું બોલું છું—બીજાને સમજાવું છું એમ શરીર-વાણી-મનમાં પોતાનું અસ્તિત્વ માને છે. ત્યાં સુધી તેને મિથ્યાદર્શન-સંસાર છે.

પોતાના ક્ષેત્રથી બહારની વસ્તુથી તો આત્મા ભિન્ન છે જ. પણ એક ક્ષેત્રમાં રહેલાં શરીર-વાણી-મનથી પણ આત્મા ભિન્ન છે. આત્મા તો જ્ઞાનાનંદ મહાસત્તા છે. મહાન પદાર્થ છે જેમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણ ભર્યા છે. આવા નિજ અસ્તિત્વમાં દૃષ્ટિ રાખવાવાળા ધર્મી જીવ શરીર-વાણી-મનની ક્રિયા મારી છે, મારાથી થાય છે એમ માનતા નથી. અને એવી દૃષ્ટિ રહિત અજ્ઞાની જીવ શરીર, વાણી, મનની ક્રિયા તે મારી છે એમ માને છે તે સંસારમાં રખડે છે.

પ્રશ્ન : તો અમારે બોલવું કે ન બોલવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી : બોલે છે જ કોણ ? અને મૌન પણ કોણ રહે છે ? ભાષા જ આત્માની નથી ત્યાં આત્મા બોલે ક્યાંથી અને મૌન રહે ક્યાંથી ? મન, વાણી આદિ જડ પુદ્‌ગલનું અસ્તિત્વ છે પણ તે તેનામાં છે. તેનું અસ્તિત્વ આત્મામાં નથી.

મન-વચન-કાયાના અસ્તિત્વમાં હું નથી. તેની ક્રિયા મારી નથી. પુણ્ય-પાપ, સંકલ્પ-વિકલ્પ આદિ મનની ક્રિયા, વાણી તથા શરીરની હલન-ચલનની ક્રિયા તે મારો સ્વભાવ નથી, મારું કાર્ય નથી, હું તો શુદ્ધ ચિદાનંદસ્વરૂપ જ્ઞાયક છું એવી અંતરદૃષ્ટિ કરવી અને રાગ તથા દેહથી ભિન્ન પોતાનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગ છે.

એકવાર ઢેબરભાઈએ પ્રશ્ન કરેલ કે શરીરનો સદ્‌ઉપયોગ કેવી રીતે કરવો ? તેને કહ્યું કે, શરીર તો જડ માટી-ધૂળ છે તેનો ઉપયોગ આત્મા કરી શકતો નથી. શરીર પરદ્રવ્ય છે તેની ક્રિયા આત્મા કરી શકતો નથી. શરીરની ક્રિયા તેનો રજકણે રજકણના દ્રવ્ય-ગુણથી થાય છે. આત્મા છે તો શરીર ચાલે છે, આત્મા છે તો વાણી બોલે છે એવું ત્રણકાળ ત્રણલોકમાં કદી હોતું નથી. શરીર-વાણી-મનનું પોતાનું અસ્તિત્વ છે તેનાથી તેનું કાર્ય થાય છે.

જેમ શ્રીફળમાં સફેદ મીઠો ગોટો છાલા, કાચલી અને લાલ છાલથી જુદો છે તેમ આત્મા શરીરરૂપ છાલા, જડકર્મરૂપ કાચલી અને પુણ્ય-પાપના ભાવરૂપ લાલ-છાલથી જુદો જ્ઞાનાનંદ સ્વરૂપ-સત્ ચિદાનંદ-આનંદકંદ પ્રભુ છે પણ આ જીવે કદી તેની દૃષ્ટિ કરી નથી. પોતાના સ્વભાવથી હટી જઈને શરીર, વાણી, મનથી હું કામ લઉં છું અને તે મારા છે એમ માને છે તેનું જ નામ મિથ્યાદર્શન-સંસાર છે. (ક્રમશઃ) ❈



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## મંગલ ઉપોદ્ઘાત

## ચિદાનંદઘનના અનુભવથી સહજાનંદની વૃદ્ધિ ચાહું છું

''શ્રી''

''સિદ્ધ શ્રી મુલતાનનગર મહા શુભસ્થાન વિષે સ્વધર્મી ભાઈ અનેક ઉપમાયોગ્ય અધ્યાત્મરસરોચક ભાઈશ્રી ખાનચંદજી, ગંગાધરજી, શ્રીપાલજી, સિદ્ધારથદાસજી આદિ સર્વે સ્વધર્મી યોગ્ય. લિ. ટોડરમલ્લના શ્રી પ્રમુખ વિનય શબ્દ અવધારજો. અહીં યથાસંભવ આનંદ છે. તમને ચિદાનંદઘનના અનુભવથી સહજાનંદની વૃદ્ધિ ચાહું છું.''

પં. શ્રી ટોડરમલ્લજીએ આજથી લગભગ ૨૦૦ વર્ષ પહેલાં (સં. ૧૮૧૧ ના ફાગણ–ગુજરાતી માહ-વદ પાંચમે) સાધર્મી ભાઈઓ ઉપર એક અધ્યાત્મરસપૂર્ણ પત્ર લખેલ, તેમાં સવિકલ્પ–નિર્વિકલ્પદશા તેમજ સમ્યગ્દર્શન, અને સ્વાનુભવમાં પ્રત્યક્ષ–પરોક્ષપણું વગેરે સંબંધી આધ્યાત્મિકરસભરેલી ચર્ચા કરી છે. તે ચિઠ્ઠી ઘણી સરસ છે, તેથી પ્રવચનમાં વંચાય છે. એક ધર્મી ગૃહસ્થ બીજા સાધર્મીઓ ઉપર કેવો પત્ર લખે છે ને સ્વાનુભવ સંબંધી કેવી ચર્ચા કરે છે—તે આ પત્ર ઉપરથી દેખાઈ આવે છે.

માંગલિકમાં 'શ્રી' એટલે સિદ્ધસ્વરૂપ જે આત્મલક્ષ્મી તેનું પ્રથમ સ્મરણ કરીને શરૂઆત કરે છે. સાધર્મીઓને માટે 'અધ્યાત્મરસરોચક' વિશેષણ વાપરીને કેવું સરસ સંબોધન કર્યું છે! સાધર્મી પ્રત્યે કેવો વિનય–સત્કાર છે! વળી લખે છે કે અમને યથાસંભવ આનંદ છે, અને 'તમને ચિદાનંદના અનુભવથી સહજાનંદની વૃદ્ધિ ચાહું છું.' વાહ, જુઓ આ સાધર્મીની એકબીજા પ્રત્યેની ભાવના! ધર્મીને બીજા સાધર્મી પ્રત્યે ધર્મનો પ્રમોદ આવે છે, એટલે લખે છે કે તમને ચિદાનંદના અનુભવથી સહજાનંદની વૃદ્ધિ હો. પોતાને ચિદાનંદનો અનુભવ અંતરમાં ગોઠ્યો છે એટલે બીજામાં પણ તેની જ ભાવના ભાવે છે. પત્રની શરૂઆત જ એવી છે કે વાંચતાં જ ખ્યાલ આવી જાય કે આ કોઈ લૌકિક પત્ર નથી, આ તો લોકોત્તર પત્ર છે. આ ચિઠ્ઠી વાંચી ત્યારે (ગુરુદેવને) એમ

> નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,
> નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.

લાગેલું કે આમાં તો હીરા ભર્યા છે. એ વખતે આવી ચિઠ્ઠી છાપેલી પણ મુશ્કેલીથી મળતી, અત્યારે તો હજારો નકલ બહાર આવી ગઈ છે.

સં. ૧૮૧૧ માં આ ચિઠ્ઠી લખનાર પં. ટોડરમલ્લજી ગૃહસ્થ હતા, છતાં સ્વાનુભવ વગેરેની ચર્ચા તેમણે કેટલા પ્રેમથી કરી છે! તેમને શાસ્ત્રઅભ્યાસ પણ ઘણો હતો. ટીકાસહિત શ્રી સમયસાર, પંચાસ્તિકાય, પ્રવચનસાર, નિયમસાર, અષ્ટપાહુડ, પુરુષાર્થસિદ્ધિઉપાય તેમજ ગોમટ્ટસાર વગેરે અનેક શાસ્ત્રોનો તેમને ગહન અભ્યાસ હતો, ને એનું દોહન કરીને તેમણે 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ રચ્યો છે, તેમાં તત્ત્વના ઘણા ખુલાસા સ્પષ્ટ કર્યા છે. ગોમટ્ટસાર જેવા મહાન ગ્રંથની સંસ્કૃત ટીકાના હિન્દી અર્થો તેમણે લખેલા છે. સાધર્મી ઉપર તેમની લખેલી આ ચિઠ્ઠીમાં અધ્યાત્મના ગંભીર ભાવો ભર્યા છે; આગળના ગૃહસ્થો પણ અધ્યાત્મના કેવા રસિક હતા તે આ ચિઠ્ઠીના લખાણમાં દેખાઈ આવે છે. કુટુંબ અને ધંધા–વેપાર વચ્ચે રહ્યા છતાં નિવૃત્તિ લઈને અંતરમાં નિવૃત્તિ લઈને અંતરમાં આત્માના સ્વાનુભવ વગેરેની ચર્ચા–વિચારણા કરતા હતા. ચિઠ્ઠીમાં લખે છે કે 'ચિદાનંદઘનના અનુભવથી તમને સહજાનંદની વૃદ્ધિ ચાહું છું.' એટલે સહજઆનંદ તો ચૈતન્યના અનુભવમાં જ છે; અને એની જ ચાહના છે. એના સિવાય બીજા શેનીયે ચાહના અમને કે તમને ન હો. સંસારના સુખની વૃદ્ધિ નથી ચાહતા, પણ ચૈતન્યના સ્વાનુભવથી થતું જે સહજ–અતીન્દ્રિય સુખ તેની જ વૃદ્ધિની ભાવના છે. પોતાને જેની રુચિ છે તેની જ વૃદ્ધિની ભાવના સામામાં પણ ભાવે છે. આ ચિઠ્ઠી લખનાર પં. ટોડરમલ્લજી લગભગ ૨૮ વર્ષની ઉંમરે તો સ્વર્ગવાસ પામ્યા છે; ૨૮ વર્ષ તો નાની ઉંમર કહેવાય. આટલી નાની ઉંમરમાં પણ કેટલા શાસ્ત્રોનો અભ્યાસ, ને સ્વાનુભવની કેવી સરસ ચર્ચા કરી છે! શ્રીમદ્ રાજચંદ્ર વગેરેએ પણ જુઓને, નાની–નાની ઉંમરમાં આત્માનાં કેવાં કામ કર્યાં છે! અંદરથી આત્માનો પ્રેમ જાગવો જોઈએ. અધ્યાત્મનો રસ જેને કંઈક હોય અને પોતાના આત્માનું કલ્યાણ કરવાની ધગશ હોય એવા જીવને અંતરની આ વાત ગોઠે તેવી છે. જોકે આવા અધ્યાત્મના રસિક જીવો વિરલા જ હોય છે, પણ પોતે તે વિરલામાં ભળી જવું. અધ્યાત્મની આવી ચર્ચા સાંભળવાનું પણ મહા ભાગ્યથી મળે છે. (ક્રમશઃ) ❋

નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,
નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

## ✽ જ્ઞેય અધિકાર ✽

આ જ્ઞેયનો અધિકાર છે. ज्ञातुं योग्य ज्ञेयं એટલે જ્ઞાનમાં જણાવાયોગ્ય પદાર્થો તે જ્ઞેયોનું યથાર્થ જ્ઞાન થતાં પરથી ભિન્ન આત્માનો અનુભવ થાય છે. પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ છે. વળી દરેક વસ્તુ ગુણપણે અનેક છે ને વસ્તુપણે એક છે. વળી ગુણભેદ વડે ભેદરૂપ છે ને અભેદ વસ્તુપણે અભેદરૂપ છે. આવું ભેદ-અભેદપણું તે પદાર્થનું સ્વરૂપ છે. તે કોઈ પરને લીધે નથી.

પદાર્થ દ્રવ્યપણે નિત્ય છે ને પર્યાયપણે અનિત્ય છે. આવું નિત્ય-અનિત્યપણું તે પદાર્થનું સ્વરૂપ છે—એમ જ્ઞાન જાણે છે. સંયોગના કારણે અનિત્યતા છે—એમ નથી, પણ પોતાના જ કારણે વસ્તુમાં અનિત્યતા છે, એટલે પર્યાયનો પલટો થવાનો તેનો સ્વભાવ છે, તે પરને લીધે નથી. આવું જ્ઞેયનું સ્વરૂપ જાણવું તે સમ્યગ્જ્ઞાનનું કારણ છે. પદાર્થની પર્યાય પરના કારણે થાય છે એમ માને તો તેણે જ્ઞેયના સ્વરૂપને જાણ્યું નથી, તે મિથ્યાજ્ઞાન છે. શુદ્ધ નિશ્ચયથી વસ્તુ શુદ્ધ છે. વસ્તુ સામાન્ય-વિશેષસ્વરૂપ છે. ત્રિકાળી દ્રવ્ય-ગુણ સામાન્ય છે અને પર્યાય તે તેનું વિશેષ છે, તે વસ્તુના જ કારણે છે, પરના કારણે નથી.

વસ્તુપણે નિત્ય સામાન્ય અને પર્યાય અપેક્ષાએ વિશેષરૂપ છે. વિશેષ અવસ્થા કોઈ પરને લઈને થાય એ વાત રહેતી નથી. ઉપાદાન-નિમિત્તનો ખુલાસો પણ આમાં આવી જાય છે. નિમિત્ત આવે તો કાર્ય થાય, તો પછી વસ્તુનું વિશેષ ક્યાં રહ્યું? વસ્તુ પોતે જ સામાન્ય-વિશેષસ્વરૂપ છે, તો પરને કારણે વિશેષ થાય—એ વાત ક્યાં કહી? વિશેષ એટલે અવસ્થા તે પદાર્થનું સ્વરૂપ છે. સંસાર-મોક્ષમાર્ગ-મોક્ષ, નિગોદ, સિદ્ધ, સોનું-વિષ્ટા તે બધી પદાર્થોની અવસ્થા છે, તે પદાર્થનો જ વિશેષ સ્વભાવ છે. પરને કારણે તે અવસ્થાઓ થતી નથી. આવું વસ્તુસ્વરૂપ તે સમ્યગ્જ્ઞાનનું જ્ઞેય છે. જેમાં ગુણ-પર્યાય વસે તેનું નામ વસ્તુ. વસ્તુ પોતાના ગુણ-પર્યાયમાં વસે છે, પણ પરના ગુણ-

**સ્ત્રી-પુરુષ આદિક પર્યયો, રસવર્ણગંધસ્પર્શ ને**
**સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.**

પર્યાયમાં રહેતી નથી. તેમ જ વસ્તુના ગુણ-પર્યાયો વસ્તુમાં જ રહે છે, પરમાં રહેતા નથી. એટલે પર્યાય કોઈ પરના કારણે નથી, પણ પોતાના કારણે જ થાય છે. સામાન્ય-વિશેષ સ્વરૂપથી વસ્તુનું વસ્તુત્વ છે.

દ્રવ્યના ભાવને ધરે છે તેથી દ્રવ્યત્વ છે, દ્રવ્યનું દ્રવ્યત્વ પરના ભાવને ધરતું નથી, આત્મા આત્માના ભાવને ધરે છે. ને પરમાણુ પરમાણુના ભાવને ધરે છે. વસ્તુ પોતાના દ્રવ્યત્વભાવને ધારણ કરે તેથી તેનામાં દ્રવ્યત્વ છે. નિમિત્ત અને ઉપાદાન બંને જુદા રહી સ્વતંત્રપણે પોતપોતાના દ્રવ્યના ભાવને ધારણ કરે, બીજાના ભાવને ન ધરે, એવું જ દ્રવ્યત્વ દરેક દ્રવ્યનું છે. ત્રણકાળ-ત્રણલોકમાં આત્મા, પરમાણુ ઈત્યાદિ બધાંય દ્રવ્યો પોતાના જ ભાવને ધરે છે—એવો નિયમ છે.

પ્રમેયના ભાવે ધારે, પ્રમાણજ્ઞાનમાં જણાવાને લાયકપણું ધારે તે પ્રમેયરૂપ છે. રાગ, પુણ્ય, પાપ, દયાના ભાવાદિ જે થાય તે પણ જ્ઞાનમાં જણાવાલાયક પ્રમેયપણું ધારે છે, પણ જ્ઞાન તેને ઉત્પન્ન કરે, નાશ કરે કે રાખે એવું જ્ઞાનનું કાર્ય નથી. આ નિમિત્ત છે, આ વ્યવહારરત્નત્રયનો શુભરાગ છે—એમ જ્ઞાન જાણે પણ તેનાથી જ્ઞાન થાય કે નિશ્ચય મોક્ષમાર્ગ થાય—એમ નથી.

કોઈ કહે છે કે પ્રથમ વ્યવહાર જોઈએ પછી નિશ્ચય થાય, પણ અનાદિરૂઢ પરાશ્રયરૂપ વ્યવહાર તો છે, તે કાંઈ નવો—અપૂર્વ નથી. તેથી તેનાથી ધર્મની શરૂઆત કદી થઈ શકે નહિ. વ્યવહાર, રાગ, નિમિત્ત એ બધી ચીજો પ્રમેયપણું ધારે છે પણ નિશ્ચયને ધારે એવો વ્યવહાર સ્વભાવ નથી. જે કંઈ ક્રિયાપર્યાય છે તેના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ પ્રમેયપણાને ધારે છે ને જ્ઞાન તેને તે રીતે જાણે જ છે. એનું નામ ધર્મ છે. પ્રમેયત્વ દરેક વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે છે. ઈચ્છા તે જ્ઞાનમાં પ્રમેય થવાના ભાવને ધારે છે, પણ તેનાથી જ્ઞાન થયું કે પરમાં ક્રિયા થઈ એમ તે બતાવનાર નથી.

અગુરુલઘુના ભાવને ધરે તે અગુરુલઘુ અવસ્થા છે, અગુરુલઘુ નામનો ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપેલ છે. કેવળજ્ઞાનની અપેક્ષાએ મતિજ્ઞાનપર્યાયને ઓછી કહેવાય, પણ તે પર્યાય પોતે પોતાથી અગુરુલઘુરૂપ છે, બીજી પર્યાયની અપેક્ષા ન લ્યો તો એકેક સમયની પર્યાય અગુરુલઘુસ્વભાવે છે. વિકારી-અવિકારી પર્યાય પણ તે અવસ્થારૂપે બરાબર કામ કરે એવી અગુરુલઘુ છે, પરથી તેનું કાર્ય નથી. જ્યાં જ્યાં જે

**જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,**
**વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.**

પદાર્થ છે ત્યાં તેના દ્રવ્ય-ગુણ-પર્યાય અગુરુલઘુના ભાવને વ્યવસ્થિતપણે ધારી રાખે છે અને એ પ્રમાણે જેમ છે તેમ જ્ઞાન તે બધાને જાણે પણ તેમાં કાંઈ આઘુંપાછું કરી દે એવું જ્ઞાનમાં નથી. બહારની ક્રિયા તો આત્મા કરી શકતો નથી પણ પોતાની પર્યાયનો ફેરફાર પણ તે કરી શકતો નથી.

નિગોદ અવસ્થા હો કે કેવળજ્ઞાનરૂપ અવસ્થા હો, પણ અંદર અનંત ગુણ છે તેમાં કમી અથવા પુષ્ટિ થઈ જતી નથી. જઘન્ય મતિ-શ્રુતજ્ઞાન હો કે ઉત્કૃષ્ટ કેવળજ્ઞાન પર્યાય હો, પણ અંદર જ્ઞાનગુણમાં કાંઈ ઓછું-વધતું થઈ જતું નથી. પરમાણુમાં વીર્યગુણ ત્રિકાળ છે, તેની અવસ્થામાં વધઘટ દેખાય છતાં વીર્યગુણમાં કોઈ કાળે ફેરફાર પડતો નથી, કારણ કે દ્રવ્ય-ગુણનો સ્વભાવ ત્રિકાળ અગુરુલઘુભાવને ધારે છે તથા પર્યાય પણ તે કાળે સત્ છે. જે સમયે પર્યાય વર્તે તે અગુરુલઘુપણે વર્તે છે, તેમાં ફેર ન પડે એવું પર્યાયસત્‌નો અગુરુલઘુપણું ધારણ કરવાનો ધર્મ છે, તેમાં કોઈ ફેરફાર કરે એવું તેનું સ્વરૂપ નથી.

દરેક દ્રવ્યમાં અનંતગુણ છે, ને તે પોતાના જેટલા પ્રદેશ છે તેને ધારે છે. દરેક દ્રવ્યને આકાર છે, પરને લઈને જીવનો સંકોચ-વિસ્તાર નથી. પણ પોતાના પ્રદેશત્વગુણની યોગ્યતાથી તે છે.

અન્યત્વગુણનું લક્ષણ અનંતા ગુણથી અન્યત્વ છે પણ પ્રદેશભેદ નથી. એક પરમાણુમાં અનંતગુણ છે. જેમાં જેટલા ગુણો છે તે ત્રિકાળ સ્વતંત્ર છે, કદી એક પણ ગુણ ઓછો થતો નથી. આત્મામાં અનંત ગુણો છે, તેમાં જ્ઞાન તે દર્શન નથી, ચારિત્ર તે વીર્ય નથી. એમ ગુણોમાં જો અનેરાપણું ન હોય તો અનંતગુણ સિદ્ધ ન થાય.

વળી સ્વદ્રવ્ય-પરદ્રવ્યથી અન્ય છે. પહેલાં ગુણોમાં અન્યપણું કહ્યું ને પછી દ્રવ્યમાં અન્યત્વની વાત કરી. આવું અન્યપણું છે તે જ્ઞેય છે ને જ્ઞાનનો તેને જાણવાનો સ્વભાવ છે. વસ્તુએ વસ્તુ જુદી છે—એવું અન્યત્વ છે. કોઈને લઈને બીજું નથી. જુદા પદાર્થોને પરસ્પર અનેરાપણું છે, બધા પદાર્થો ભેગા થઈને એકમેક ત્રણકાળમાં થતાં નથી. સિદ્ધમાં પણ અનંતા જીવોને અનેરાપણું છે. સિદ્ધમાં બધા જીવો એકમેક થઈ જતા નથી.

વળી વસ્તુમાં દ્રવ્યત્વ ને પર્યાયત્વ છે. દ્રવ્યત્વ તે જ્ઞેય છે, ને પર્યાયપણું તે પણ

**જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,**
**જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭.**

જ્ઞેય છે. પરંતુ દ્રવ્ય-પર્યાયરૂપ છે, દ્રવ્ય પણ સત્ છે ને પર્યાયપણે પર્યાય પણ સત્ છે. પર્યાય ત્રિકાળી નથી પરંતુ એક સમયપૂરતી તે સત્ છે. જો તેને સત્ ન માને તો તેણે દ્રવ્યને ઓળખ્યું નથી—અને પર્યાયને સત્ માને—તો પરને લીધે પર્યાય થાય તે વાત રહેતી નથી. નિમિત્તને લીધે પર્યાય થાય એમ માને તો તેણે પર્યાયને સત્ જાણી નથી. એટલે વસ્તુના પર્યાયધર્મને જાણ્યો નથી. પ્રવચનસાર ગાથા ૧૦૭માં કહ્યું છે કે દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય સત્ છે. આવું સત્ તે જ્ઞાનનું જ્ઞેય છે.

વસ્તુઓમાં આકાશ વગેરે પદાર્થો સર્વગત છે ને કાળાણું વગેરે એકપ્રદેશી છે, તે અસર્વગત છે. ધર્માસ્તિ-અધર્માસ્તિ પણ લોકની અપેક્ષાએ સર્વગત છે. આવું પણ જ્ઞેય છે.

વળી પદાર્થોમાં કોઈ મૂર્ત છે ને કોઈ અમૂર્ત છે, તે તેના સ્વભાવથી જ છે ને તે જ્ઞાનનું જ્ઞેય છે, આત્મા અમૂર્તપણે જ્ઞેય છે ને પુદ્ગલદ્રવ્ય મૂર્તપણે જ્ઞેય છે. આત્માને કર્મના નિમિત્તે મૂર્ત કહેવો તે ઉપચાર છે. આત્મા ત્રિકાળ અમૂર્ત છે—તે કદી મૂર્ત થઈ જતો નથી. પરમાણુ સૂક્ષ્મ હોવાથી તેને કોઈ વાર અમૂર્ત કહી દે, પણ વાસ્તવિકપણે તો તે મૂર્ત જ છે અને આત્મા અમૂર્ત જ છે.

વળી કોઈ જ્ઞેય પદાર્થ અક્રિય છે ને કોઈ સક્રિય છે. જીવ પુદ્ગલમાં ગમન વગેરે સક્રિયતા છે, તે તેના પોતાના કારણે છે. ધ્વજા પવનથી નથી ચાલતી પણ તેનામાં તેવો સક્રિય ધર્મ છે. ઘોડા ઉપર બેઠેલા માણસની ગતિ થાય છે તે ઘોડાને કારણે થતી નથી પણ તેવા ગતિધર્મ તે માણસનો પોતાનો છે. ધર્માસ્તિ વગેરે દ્રવ્યો અક્રિય સ્વભાવવાળાં છે. સક્રિયપણું કોઈ પરને લીધે નથી. શરીરની સક્રિયતા આત્માને લીધે નથી. તે સક્રિયતા પરને લીધે માને તો તેણે પદાર્થના સક્રિયધર્મને જાણ્યો નથી. એટલે કે તેવા જ્ઞેયને જાણ્યું નથી.

તડકામાં માણસ ચાલે ત્યાં તેનો પડછાયો પાછળ પાછળ ચાલતો દેખાય છે, પણ ખરી રીતે પડછાયો ચાલતો નથી, પરંતુ તે તે જગ્યા પરમાણુઓ ધોળામાંથી કાળી અવસ્થારૂપે (છાયારૂપે) પરિણમે છે. એક જગ્યાની છાયાના પરમાણુઓ બીજી જગ્યાએ જતા નથી. પણ બીજી જગ્યાએ રહેલા પરમાણુઓ છાયાપણે પરિણમે છે. તે પરિણમન માણસના શરીરના કારણે થતું નથી. પણ તેની પોતાની અર્થપર્યાયનો તેવો ધર્મ છે.

(ક્રમશઃ) ❊

અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,
જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.



# મુક્તિનો માર્ગ

સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો
(પ્રવચન પહેલું)

ૐ શ્રી સર્વજ્ઞાય નમઃ એમાં પ્રથમ ૐ એ તીર્થંકર ભગવાનનો એકાક્ષરી દિવ્યધ્વનિ છે. પૂર્ણાનંદ દશા પ્રગટે છે ત્યારે તીર્થંકર ભગવાનને 'ૐ' એવો ધ્વનિ સહજ ઈચ્છા વિના પૂર્વના પુણ્યબંધને કારણે છૂટે છે. ત્યાં તીર્થંકરની ધર્મસભામાં ગણધરદેવ હોય છે, તે અનેક લબ્ધિધારી હોય છે. તે ગણધરદેવ ભગવાનનો ૐકાર ધ્વનિ ઝીલીને શાસ્ત્ર રચના કરે છે, તેથી પ્રથમ ૐ મૂક્યો છે, તે વાણી સર્વજ્ઞ વીતરાગ અરિહંતદેવને જ હોય છે.

આ શાસ્ત્રનું નામ 'સત્તાસ્વરૂપ' છે; સત્તાસ્વરૂપ એટલે જેમ છે તેમ હોવાપણું નક્કી કરવું તે. સત્તા એટલે 'છે,' છે તેની વાત છે.

### શાસ્ત્રકારનું માંગળિક

મંગલમય મંગલકરણ, વીતરાગવિજ્ઞાન;
નમો તેહ જેથી થયા, અરહંતાદિ મહાન.

માંગળિકમાં વીતરાગી વિજ્ઞાનને નમસ્કાર કર્યા છે. અરિહંત, સિદ્ધ વગેરે જે મહાન થયા તે વીતરાગી વિજ્ઞાનથી થયા છે. વકીલાત કરવાની કળા, ડૉક્ટરની કળા એમાં વીતરાગી વિજ્ઞાન નથી, એને તો દૂરથી જ 'નમો નારાયણ' હોય એટલે કે તેનો તો ત્યાગ હોય; અને આ વીતરાગી વિજ્ઞાનનો જ આદર હોય, તેનાથી જ અરિહંત કે સિદ્ધ વગેરે મહાન થયા છે. એકલું વીતરાગ કે એકલું વિજ્ઞાન કહ્યું નથી, પણ વીતરાગવિજ્ઞાન એમ બન્ને સાથે કહ્યાં છે.

તે વીતરાગવિજ્ઞાન કેવું છે? કે તે પોતે જ મંગલમય છે—પોતે જ માંગળિક સ્વરૂપ છે; આમ કહીને પહેલાં તો માંગળિકને અભેદ લઈ લીધું છે. વીતરાગવિજ્ઞાનથી સ્વરૂપની સંપદા પ્રગટી છે અને પુણ્ય–પાપની આકુળતાનો નાશ થયો છે, તેથી તે વીતરાગવિજ્ઞાન પોતે જ મંગલસ્વરૂપ છે.

આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;
સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.

વીતરાગવિજ્ઞાન એટલે કે પૂર્ણ સમ્યગ્જ્ઞાન તે પોતે જ મંગળમય છે અને મંગળનું કારણ છે. સાચું જ્ઞાન—વીતરાગી જ્ઞાન—તત્ત્વજ્ઞાન—આત્મજ્ઞાન—તે મંગલ-સ્વરૂપ છે અને માંગળિકનો ઉપાય પણ તે જ છે. આત્માની સ્વરૂપસંપદા પામવારૂપ મંગળનું તે કારણ છે, તેથી તેને અહીં શાસ્ત્રની શરૂઆતમાં શાસ્ત્રકાર નમસ્કાર કરે છે. એ વીતરાગી વિજ્ઞાન વડે જ અરિહંતાદિ મહાન થયા છે. વીતરાગી વિજ્ઞાનને પામીને જ પંચપરમેષ્ઠીઓ આત્મતત્ત્વને પામ્યા છે.

આ ગ્રંથના કર્તા પંડિત ભાગચંદજી ગૃહસ્થ હતા. તેમણે ગૃહીત મિથ્યાત્વ છોડાવવા માટે ઘણી જ અસરકારક રીતે આ ગ્રંથમાં કથન કર્યું છે. વર્તમાનમાં જીવો જૈન સંપ્રદાયને પામ્યા છે, પણ સાચા દેવ—ગુરુ—શાસ્ત્રનો નિર્ણય કરતા નથી. વળી કોઈ જીવ માત્ર સાચા દેવ—ગુરુ—શાસ્ત્રનો નિર્ણય કરે, પણ આત્મતત્ત્વનો નિર્ણય કરે નહિ તો શુભભાવ થાય, પણ ધર્મ ન થાય; તથા સાચા દેવ—ગુરુ—શાસ્ત્રને ઓળખ્યા વિના અને તેની ભક્તિ પ્રગટ્યા વિના આત્મા ઓળખાય નહીં; માટે પહેલાં આ સત્તાસ્વરૂપમાં દેવ—ગુરુ—શાસ્ત્રનું સાચું સ્વરૂપ બતાવશે.

સર્વ જીવો સુખને ઇચ્છે છે. જે કામ કરવા ઇચ્છે છે તે સુખ મેળવવા માટે જ ઇચ્છે છે, દરેક ક્રિયામાંથી સુખ મેળવવા માગે છે. બીજાને મારે તે પણ સુખને માટે, પરવસ્તુની ચોરી કરે તે પણ સુખને માટે, જૂઠું બોલે તે પણ સુખને માટે, પૈસા વગેરેનો પરિગ્રહ કરે તે પણ સુખને માટે, એ રીતે અનેક જાતના પાપ કરીને પણ સુખ મેળવવા માગે છે; માટે સુખ તો દરેક આત્માને વહાલું છે, પણ સુખના સાચા ઉપાયની અનાદિકાળથી ખબર નથી. અહીં બધા ધર્મ સાંભળવા આવ્યા છે. શા માટે? દરેક સુખને માટે જ આવ્યા છે. જીવોએ અનંતકાળમાં તત્ત્વનો યથાર્થ નિર્ણય કર્યો નથી. તત્ત્વનો નિર્ણય કરે તો તેમાં રમણતાનો ભાવ થયા વિના રહે નહિ, અને તત્ત્વમાં રમણતા હોય તો આ દુઃખ હોય નહીં.

દરેક જીવને સુખ પ્રિય છે એ વિષે તો કોઈને પૂછવા જવું પડે તેમ નથી. દરેક કાર્યમાં તે સુખને માટે જ ઝાંવા નાખે છે. સ્વર્ગના દેવ કે નરકના નારકી, તિર્યંચ કે મનુષ્ય, ત્યાગી સાધુ કે ગૃહસ્થ વગેરે બધા સુખને માટે જ ઝંખના કરે છે. એ સુખ કેમ થાય? શું એ સુખ બહારથી પૈસા વગેરેમાંથી આવતું હશે? તો કહે છે કે ના; તે સુખ રાગ-દ્વેષરૂપ ભાવકર્મનો નાશ કરતાં પ્રગટે છે. ભાવકર્મનો નાશ કરતાં આઠે પ્રકારના

**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

દ્રવ્યકર્મનો નાશ થાય છે, અને સર્વ કર્મનો નાશ થતાં સ્વતંત્ર સુખ પ્રગટે છે.

સુખ બહારથી આવતું નથી પણ અંદરથી જ પ્રગટે છે. બહારમાં ક્યાં સુખ છે? શું શરીરના લોચામાં, પૈસામાં, સ્ત્રીમાં સુખ છે? ક્યાં છે? બહારમાં તો ધૂળ-જડ દેખાય છે, શું જડમાં આત્માનું સુખ હોય? ન જ હોય, પણ તે પર વસ્તુઓમાં સુખની ખોટી કલ્પના અજ્ઞાની જીવે કરી નાખી છે. પરમાં સુખ છે નહિ, કદી પરમાં સુખ જોયું પણ નથી, છતાં મૂઢતાએ કલ્પ્યું છે. પણ અયથાર્થને યથાર્થ માને તેથી કાંઈ પરિભ્રમણનું દુઃખ ટળે નહિ. તેને સુખસ્વભાવની ખબર નથી તેથી સ્વભાવથી વિરુદ્ધ ભાવ કરી રહ્યો છે, તેના કારણે આઠ પ્રકારના કર્મો બંધાય છે અને તેથી આકુળતાનો ભોગવટો કરે છે. પણ જો સ્વભાવનું ભાન કરે અને સ્વભાવથી વિરુદ્ધ જે રાગ-દ્વેષના ભાવ છે તેનો નાશ કરે તો સર્વ કર્મો ટળી જાય અને દુઃખ ટળીને સુખ થાય. જે પરમાંથી સુખ લેવા માગે છે તે મૂઢ છે. મોટી સભામાં મારો આદર કર્યો માટે ઠીક થયું એમ માનવું તે મૂઢતા છે. માન-અપમાનથી કાંઈ આત્માની શાંતિ થાય તેમ છે? રાજા વગેરેને અનેક માણસો ખમા-ખમા કરતાં હોય, પણ આંખ મીંચાયે શું સરવાળાં? શું એમાં ક્યાંય સુખ છે? સુખ તો સર્વ કર્મના નાશથી પ્રગટે છે, પણ ખોટા જોરથી પ્રગટતું નથી. તાળું ઉઘાડવા માટે જોર ન ચાલે, હથોડાથી તાળાં ઉઘડે નહિ, પણ તૂટી જાય, અને યુક્તિપૂર્વક ચાવી લાગુ પાડે તો ફટ ઉઘડી જાય; તેમ આઠ કર્મનો નાશ એટલે કે વિકારી ભાવનો નાશ કર્યા વિના ખોટા જોરથી સુખ પ્રગટતું નથી. 'સાચું સમજવાનું શું કામ છે, આપણે મહેનત કરવા માંડો એટલે સુખ પ્રગટી જશે'—એમ ખોટા જોરથી કોઈને સુખ પ્રગટે નહિ.

જેનો જે સ્વભાવ હોય તેને જેમ છે તેમ—તે રીતે સમજે તો તે પ્રગટે. જેમ કોઈને ભાવનગર જવું હોય તો ભાવનગરનો રસ્તો જાણવો પડે, પણ રસ્તો જાણવાનું શું કામ છે, એમ ને એમ ચાલવા માંડો—એમ કરવાથી ભાવનગર પહોંચાય નહીં. આ તો દૃષ્ટાંત છે; તેમ સુખનો ઉપાય સમજે તો સુખ પ્રગટે, પણ સાચો ઉપાય જાણ્યા વિના ખોટા જોરથી સુખ પ્રગટે નહીં. સુખ કર્મના નાશથી પ્રગટે છે, કર્મનો નાશ ચારિત્રથી–વીતરાગદશાથી થાય છે, અને ચારિત્ર એટલે કે અંતરસ્વરૂપમાં રમણતા સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાનથી પ્રગટે છે. આ સિવાય બીજી રીતે કોઈ દિવસ સુખ પ્રગટે નહીં.

(ક્રમશઃ) ❊

શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;
સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.

## વીતરાગી શાસ્ત્રોનું તાત્પર્ય

- ❖ કોઈવાર એમ કહે કે, દ્રવ્યાર્થિકનયથી આત્માને બંધ–મોક્ષ નથી.
- ❖ કોઈવાર કહે કે, રત્નત્રયપરિણત આત્મા જ મોક્ષમાર્ગ છે.
- ❖ કોઈવાર કહે કે, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.
- ❖ કોઈવાર કહે કે, જ્ઞાન ને ક્રિયા તે મોક્ષમાર્ગ છે.
- ❖ કોઈવાર કહે કે, ચાર પ્રકારની આરાધના તે મોક્ષમાર્ગ છે.
- ❖ કોઈવાર કહે કે, ઉત્તમક્ષમાદિ દશધર્મો મોક્ષનું કારણ છે.
- ❖ કોઈવાર કહે કે, શુદ્ધ આત્માની અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે.
- ❖ કોઈવાર કહે કે, નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.
- ❖ કોઈવાર કહે કે, જ્ઞાનની અનુભૂતિ તે જ મોક્ષમાર્ગ છે.
- ❖ કોઈવાર કહે કે, વીતરાગતા તે જ મોક્ષમાર્ગ છે.
- ❖ કોઈવાર કહે કે, શુદ્ધોપયોગ તે મોક્ષમાર્ગ છે.
- ❖ કોઈવાર કહે કે, સ્વદ્રવ્યનો આશ્રય તે મોક્ષમાર્ગ છે.

—પણ એ બધાય પ્રકારમાં એક જ તાત્પર્ય છે, ક્યાંય પરસ્પર વિરુદ્ધતા નથી. ભિન્ન ભિન્ન પ્રકારે સમજાવવા માટે અનેક વિવક્ષાથી કથન કર્યું હોય, ત્યાં તે વિવક્ષા સમજીને તેનું તાત્પર્ય સમજી લેવું જોઈએ. વીતરાગી શાસ્ત્રોનું તાત્પર્ય હંમેશા એવું જ હોય કે જેનાથી આત્માને લાભ જ થાય...ને વીતરાગતા વધે.

સમ્યગ્દર્શન પહેલાનાં જ્ઞાન–ચારિત્રમાં કંઈક વિકાસ દેખીને, તથા નિર્જરા દેખીને, તેનામાં વિશુદ્ધતા ભલે કીધી પણ સમ્યગ્દર્શન વગર તેનું જોર ચાલતું નથી એટલે કે મોક્ષમાર્ગ થતો નથી. માટે સમ્યગ્દર્શનની જ પ્રધાનતા આવી. સમ્યગ્દર્શન સહિતનું જ્ઞાન, અને સમ્યગ્દર્શનસહિતની સ્વરૂપસ્થિરતારૂપ ક્રિયા—તે જ મોક્ષમાર્ગ છે; આ રીતે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને મોક્ષમાર્ગ કહેતાં તેનાથી વિરુદ્ધ એવા મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્ર તે બંધનાં કારણ છે–એમ પણ આવી ગયું.

# પાંચ ભાવોની વ્યાખ્યા

૧. **ઔપશમિકભાવ**—આત્માના પુરુષાર્થથી અશુદ્ધતાનું પ્રગટ ન થવું અર્થાત્ દબાઈ જવું તે; આત્માના આ ભાવને ઉપશમભાવ અથવા ઔપશમિકભાવ કહે છે. આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને જડ કર્મનું પ્રગટરૂપ ફળ જડકર્મમાં ન આવવું તે કર્મનો ઉપશમ છે. આ, જીવની એક સમય પૂરતી પર્યાય છે, તે સમય સમય કરીને અંતર્મુહૂર્ત રહે છે પણ એક સમયે એક જ અવસ્થા હોય છે.

૨. **ક્ષાયિકભાવ**—આત્માના પુરુષાર્થથી કોઈ ગુણની શુદ્ધ અવસ્થા પ્રગટે તે ક્ષાયિકભાવ છે. આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને કર્મઆવરણનો નાશ થવો તે કર્મનો ક્ષય છે. આ પણ જીવની એક સમય પૂરતી અવસ્થા છે. સમય સમય કરીને તે સાદિઅનંત રહે છે તોપણ એક સમયે એક જ અવસ્થા હોય છે. સાદિઅનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા કેવળજ્ઞાન–કેવળદર્શન–કેવળસુખ–કેવળવીર્યયુક્ત ફળરૂપ અનંતચતુષ્ટયની સાથે રહેલી પરમ ઉત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે–તેને ક્ષાયિકભાવ પણ કહેવાય છે.

૩–**ક્ષાયોપશમિકભાવ**—આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને કર્મનો સ્વયં અંશે ક્ષય અને સ્વયં અંશે ઉપશમ તે કર્મનો ક્ષયોપશમ છે અને ક્ષાયોપશમિકભાવ તે આત્માનો પર્યાય છે. આ પણ આત્માની એક સમય પૂરતી અવસ્થા છે, તેની લાયકાત પ્રમાણેના ઉત્કૃષ્ટ કાળ સુધી પણ તે રહે છે, પરંતુ સમયે સમયે બદલીને રહે છે.

૪. **ઔદયિકભાવ**—કર્મોદયના નિમિત્તે આત્મામાં જે વિકારભાવ આત્મા કરે છે તે ઔદયિકભાવ છે. આ પણ આત્માની એક સમય પૂરતી અવસ્થા છે.

૫. **પારિણામિકભાવ**—'પારિણામિક' એટલે સહજ સ્વભાવ; ઉત્પાદ–વ્યય વગરનો ધ્રુવ એકરૂપ કાયમ રહેનાર ભાવ તે પારિણામિકભાવ છે. પારિણામિકભાવ બધા જીવોને સામાન્ય હોય છે. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ચાર ભાવો રહિતનો જે ભાવ તે પારિણામિકભાવ છે. 'પારિણામિક' કહેતાં જ 'પરિણમે છે' એવો ધ્વનિ આવે છે. પરિણમે છે એટલે કે દ્રવ્ય-ગુણનું નિત્ય વર્તમાનરૂપ નિરપેક્ષપણું છે, આવી દ્રવ્યની પૂર્ણતા છે. દ્રવ્ય–ગુણ અને નિરપેક્ષપર્યાયરૂપ વસ્તુની જે પૂર્ણતા છે તેને પારિણામિકભાવ કહે છે.

૬. જેનો નિરંતર સદ્‌ભાવ રહે તેને પારિણામિકભાવ કહે છે. સર્વ ભેદ જેમાં ગર્ભિત છે એવો ચૈતન્યભાવ તે જ જીવનો પારિણામિકભાવ છે. મતિજ્ઞાનાદિ તથા કેવળજ્ઞાનાદિ જે અવસ્થાઓ છે તે પારિણામિકભાવ નથી.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—આત્મજ્ઞાન કરવા માટે ઘણા ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે એ કરતાં કાંઈક સહેલો રસ્તો બતાવો ને?

ઉત્તર :—આત્મજ્ઞાન માટે ઘણા શાસ્ત્રો ભણવાની ક્યાં વાત છે? તારી પર્યાય દુઃખના કારણો તરફ વળે છે તેને સુખના કારણભૂત સ્વભાવ સન્મુખ વાળ એટલી જ વાત છે. પોતે ભગવાન આત્મા અનંત અનંત ગુણ સંપન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છે એનો મહિમા લાવીને સ્વસન્મુખ થા! આટલી વાત છે. તારી જ્ઞાનપર્યાયને દ્રવ્ય સન્મુખ વાળવી. આ ટૂંકું ને ટચ છે.

પ્રશ્ન :—સ્વભાવ સન્મુખ થવા, હું શુદ્ધ છું, જ્ઞાયક છું આદિ ચિંતવન કરતાં કરતાં એવો અપૂર્વ આનંદ આવે છે તે આનંદ અતીન્દ્રિય છે કે કષાયની મંદતાનો છે તે કેમ ખ્યાલમાં આવે?

ઉત્તર :—ચિંતવનમાં કષાયની મંદતા ઘણી થતાં તેને આનંદ માની લ્યે તે ભ્રમ છે, ખરો અતીન્દ્રિય આનંદ નથી. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતાં રાગ ને જ્ઞાનની ભિન્નતા પ્રતીતમાં આવે છે. એ અતીન્દ્રિય આનદનું શું કહેવું? અલૌકિક છે. ખરેખરી રુચિવાળા જીવને કષાયની મંદતામાં અતીન્દ્રિય આનંદનો ભ્રમ થતો નથી. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યા વિના તે ઝંપતો નથી.

પ્રશ્ન :—આત્માના સંસ્કારોને દૃઢ કરવા શું કરવું?

ઉત્તર :—વસ્તુસ્વરૂપનો નિર્ણય દૃઢ કરવો. શુદ્ધ છું, એક છું, જ્ઞાયક છું, એનો ચારે પડખાથી વારંવાર નિર્ણય પાકો કરીને દૃઢ કરવો.

પ્રશ્ન :—સત્‌ના સંસ્કાર નાખવાથી શું લાભ થાય?

ઉત્તર :—જેમ કોરી માટલીમાં પાણીના ટીપાં પડતાં ટીપાં ચૂસાઈ જાય છે, ઉપર દેખાતાં નથી છતાં માટલીમાં પાણીના ટીપાંની ભીનાશ અંદર રહી છે. તેથી વધુ ટીપાં પડતાં માટલી ભીની થઈ જાય છે ને પાણી માટલી ઉપર દેખાય છે. તેમ જે જીવે સત્‌ની ઊંડી જિજ્ઞાસા કરીને સત્‌ના ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે જીવને કદાચ વર્તમાનમાં

ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;
આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.

પુરુષાર્થની કચાશ રહી જાય ને કાર્ય ન થાય તોપણ સત્‌ના ઊંડા નાખેલાં સંસ્કાર બીજી ગતિમાં પ્રગટ થશે, માટે સત્‌ના ઊંડા સંસ્કાર રેડ.

**પ્રશ્ન :—એક પર્યાય બીજી પર્યાયને અડતી તો નથી તો પૂર્વના સંસ્કાર બીજી પર્યાયમાં કામ કેમ કરે?**

ઉત્તર :—એક પર્યાય બીજી પર્યાયને અડતી નથી એ વાત તો એમ જ છે પણ વર્તમાન પર્યાયમાં એવા જોરદાર સંસ્કાર નાખ્યા હશે તો એનું જોર બીજી પર્યાયમાં પ્રગટે એવી જ તે ઉત્પાદ પર્યાયની સ્વતંત્ર યોગ્યતા હોય છે, ઉત્પાદ પર્યાયના સામર્થ્યથી સ્મરણમાં આવે છે.

**પ્રશ્ન :—સાંભળીને સંસ્કાર દઢ કરવા તે આગળ વધવાનું કારણ છે?**

ઉત્તર :—હા, અંદરમાં સંસ્કાર દઢ નાખે તો તો આગળ વધે છે.

**પ્રશ્ન :—શ્રવણમાં પ્રેમ હોય તો મિથ્યાત્વ મંદ પડે?**

ઉત્તર :—મિથ્યાત્વ ને અનંતાનુબંધી અનંતવાર મંદ પડ્યા પણ એ સમ્યગ્દર્શનનું કારણ નથી. મૂળ દર્શનશુદ્ધિ ઉપર જોર હોવું જોઈએ.

**પ્રશ્ન :—નવતત્ત્વના વિચાર તો પૂર્વે અનંતવાર કર્યો છે, તોપણ લાભ કેમ ન થયો?**

ઉત્તર :—ભાઈ, પૂર્વે જે નવતત્ત્વના વિચાર કર્યા તેના કરતાં આ કાંઈક જુદી રીતની વાત છે. પૂર્વે નવતત્ત્વના વિચાર કર્યા તે અભેદસ્વરૂપના લક્ષ વગર કર્યા છે, ને અહીં તો અભેદસ્વરૂપના લક્ષ સહિતની વાત છે. પૂર્વે એકલા મનના સ્થૂળ વિષયથી નવતત્ત્વના વિચારરૂપ આંગણા સુધી તો આત્મા અનંતવાર આવ્યો છે, પણ ત્યાંથી આગળ વિકલ્પ તોડી ધ્રુવ ચૈતન્યતત્ત્વમાં એકપણાની શ્રદ્ધા કરવાની અપૂર્વ સમજણ શું છે તે ન સમજ્યો તેથી ભવભ્રમણ ઊભું રહ્યું.

**પ્રશ્ન :—રોજ સાંભળીએ છીએ હવે અંદર જવાનો ટૂંકો રસ્તો બતાવો?**

ઉત્તર :—આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ ચિદ્‌ઘન છે અભેદ છે એની દૃષ્ટિ કરવી. ભેદ ઉપર લક્ષ કરતા રાગીને રાગ થાય છે, તેથી ભેદનું લક્ષ છોડીને અભેદની દૃષ્ટિ કરવી—એ ટૂંકો સાર છે.

**જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે**
**તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન* :—આત્મા બીજાને જાણે છે માટે જ્ઞાયક છે કે સ્વયં જ્ઞાયક છે?

**સમાધાન** :—શાસ્ત્રમાં આવે છે ને? કે હું દેખનારો છું, દેખતાને જ દેખું છું, દેખતા દ્વારા દેખું છું, સ્વયં દેખનારો-જાણનારો છું, બીજાને દેખનારો છું તેમ નહિ. હું સ્વયં દેખનારો છું. હું દેખનાર—જાણનાર સ્વભાવથી ભરપૂર છું. અગ્નિ બીજાને ઉષ્ણ કરે માટે ઉષ્ણ છે તેમ નહિ, સ્વયં ઉષ્ણતાથી ભરેલી અગ્નિ છે. બરફ પોતે સ્વયં ઠંડો છે, બીજાને ઠંડો કરે માટે બરફ ઠંડો એમ નહિ, બરફનો સ્વભાવ સ્વયં ઠંડો જ છે. તેમ બીજાને હું દેખું-જાણું માટે હું જાણનાર એમ નહિ, હું સ્વયં દેખનારો—જાણનારો છું. હું અનંત શક્તિથી ભરપૂર જાણનારો છું. વસ્તુ સ્વતઃ સિદ્ધ અનાદિ-અનંત છે. તેને કોઈએ બનાવી નથી, તે સ્વયં છે. જેમ જડ પદાર્થ સ્વયં છે, તેમ હું ચૈતન્ય સ્વયંસિદ્ધ વસ્તુ જાણનારો છું. તે જાણનારામાં બીજા અનંતા ગુણ ભરેલા છે. તે જાણનાર એવો છે કે અનંતતાથી સ્વયં ભરેલો છે. તે સ્વયં જાણનારને જાણી લેવો. બીજાને જાણે-દેખે માટે જાણનારો ને દેખનારો તેમ નહિ, સ્વયં જાણનારો-દેખનારો છે.

*પ્રશ્ન* :—હું સ્વયં જ્ઞાયક છું એવો અભ્યાસ જેમ જેમ તેને ઊંડપથી વિશેષ થાય તેમ તેમ માર્ગ સહજપણે મળે?

**સમાધાન** :—(હા, તેને અવકાશ છે) અંતરમાં અભ્યાસ કરે કે હું સ્વયં જ્ઞાયક છું. આ જે બધા ભાવો દેખાય છે તે હું નથી. હું સ્વયં જ્ઞાયક બધાથી છૂટું તત્ત્વ છું, નિરાળું તત્ત્વ છું, તેમ વારંવાર અંતરથી અભ્યાસ કરે. પોતાના અસ્તિત્વની તેને મહિમા હોય. શૂન્યતા માત્ર નહિ અર્થાત્ હું અનાદિ-અનંત કિંમત વગરનું તત્ત્વ છું એમ નહિ, પણ અનંત શક્તિથી ભરપૂર એવું—ચૈતન્ય અસ્તિત્વ તે હું છું એવી મહિમા આવે અને પર પદાર્થની મહિમા છૂટી જાય. વિકલ્પ છૂટી હું શૂન્ય થઈ જાઉં એમ નહિ. હું અનંત શક્તિઓથી ભરપૂર છું. વિકલ્પ તે મારો સ્વભાવ નથી, નિર્વિકલ્પ તત્ત્વ હું અનંતતાથી ભરપૂર છું.

**સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;**
**તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.**

*પ્રશ્ન* :—જ્ઞાન જુદું અને રાગ જુદો તેમ ઓળખાય પછી તેને જ્ઞાન જુદું અને રાગ જુદો એમ વિકલ્પ કરવાની જરૂર પડે?

**સમાધાન** :—જેને યથાર્થ ઓળખાય તેને જ્ઞાન જુદું અને રાગ જુદો એ સહજ થઈ જાય છે. જેને સહજ દશા હોય છે તેને જ્ઞાન જુદું ને રાગ જુદો એવી સહજ જ્ઞાતાધારા વર્ત્યા કરે છે. ઉદયધારા અને જ્ઞાનધારા જુદી છે. સ્વાનુભૂતિ થયા પછી ભેદજ્ઞાનની ધારા વર્તે તેમાં પુરુષાર્થ કરવાની જરૂર નથી. તેમાં સહજ ભેદજ્ઞાન રહ્યા કરે છે. જે જે ઉદયો આવે અને હજી અસ્થિરતા છે તેથી જે વિકલ્પો ઊભા થાય તેની સાથે હું જ્ઞાયક છું એવી જ્ઞાતાધારા સહજ રહે છે; તેને સહજ રહે છે કે આ જુદું અને હું જુદો. જોકે પુરુષાર્થની મંદતાને કારણે તેમાં અલ્પ જોડાય છે, ન જોડાય તો વીતરાગતા થાય. તેથી અલ્પ જોડાય છે, પણ જ્ઞાયકની તીવ્ર દઢતા રહે છે કે હું જુદો છું.—ચૈતન્યતત્ત્વ જુદું છે. આ તત્ત્વ તે હું નથી. આ તો વિભાવભાવ છે એવી ભેદજ્ઞાનની સહજ ધારા વર્ત્યા જ કરે છે. વિકલ્પ કરવાની જરૂર પડતી નથી, પણ ભેદજ્ઞાન રહ્યા જ કરે છે. પછી જેમ જેમ દશા વધતી જાય અને મુનિદશા આવે ત્યારે વધારે તીવ્રતા થતી જાય છે. જ્ઞાયકની ધારા અને દ્રવ્ય ઉપરની દૃષ્ટિ બધું બળવાન થતું થતું મુનિદશામાં તેની ઉગ્રતા થતી જાય છે. ઉદયધારા અને જ્ઞાનધારા જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન થાય, ને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી રહ્યા કરે છે. ભેદજ્ઞાનની ધારા સમ્યગ્દર્શનમાં અમુક પ્રકારે રહે છે અને અંશે-અંશે સ્વરૂપની લીનતા વધતી જાય તેમ તેમ ઉગ્રતા વધતી જાય છે.

*પ્રશ્ન* :—જ્ઞાનીને અસ્તિત્વની ખુમારી કેવી હોય?

**સમાધાન** :—જ્યાં તત્ત્વની દૃષ્ટિ થઈ ત્યાં કોઈપણ પરભાવ વગર પોતે ટકી શકે છે. (એવી ખુમારી આવી જાય છે.) સ્વતઃ સિદ્ધ વસ્તુ બીજા કોઈ પદાર્થ વગર ટકનારી છે. જ્યાં દ્રવ્યની પ્રતીતિ થાય છે ત્યાં તે પ્રતીતિમાં બધું બળ સાથે આવતું જાય છે. પ્રતીતિ તો તેને દઢ જ છે કે કોઈ પદાર્થના આશ્રયથી હું ટકું એવું તત્ત્વ નથી. સ્વયં હું ટકનારો છું, સ્વયં વસ્તુ છું. એવી પ્રતીતિ સમ્યગ્દર્શનમાં પહેલાં આવી જાય. પછી તો તેને લીનતા વધતી જાય, સ્વરૂપનું વેદન વધતું જાય, સ્વાનુભૂતિ વધતી જાય અને વચ્ચે સવિકલ્પ દશામાં અંશે-અંશે જ્ઞાયકની ધારા, શાંતિનું વેદન વધતું જાય છે. પોતાના અસ્તિત્વમાં સ્વયં ટકનારો છું તે પ્રતીતિમાં આવી ગયું. પછી સ્વરૂપમાં જ રહું, બહાર ન જાઉં, સ્વરૂપમાં જ આનંદ—શાંતિ છે, સ્વરૂપમાંથી બહાર જવું મુશ્કેલ પડે તેવી તેની દશા વધતી જાય છે. અલ્પ અસ્થિરતાને લઈને પરિણતિ બહાર જાય છે, પણ તેની ઉગ્રતા થતી જાય છે. ભેદજ્ઞાનની ધારા અને દ્રવ્યની પ્રતીતિનું બળ વધતું જાય છે, લીનતા વિશેષ વધતી જાય છે.

## બાળ વિભાગ

# પ્રભુદર્શનની ભાવનાનું ફળ

રાજગૃહી નગરીમાં ધર્મવત્સલ શેઠ નાગદત્ત તેની પત્ની ભવદત્તા સાથે નિવાસ કરતા હતા, શેઠે એક દિવસ દીવા સામે બેસીને જ્યાં સુધી દીવો પ્રગટતો રહેશે ત્યાં સુધી સામાયિક કરીશ એવો નિયમ લીધો, સામાયિક કરતાં તરસ લાગી આ બાજુ જ્યારે જ્યારે દીવાને બુઝતો જોઈ શેઠાણી તેમાં તેલ નાખવા લાગી આ બાજુ તીવ્ર પ્યાસને કારણે શેઠને સામાયિક ભુલાઈ ગઈ અને આર્તધ્યાનના પરિણામ કરી દેહ છૂટી ગયો ને પોતાના જ ઘરની વાપિકામાં દેડકો થયા આ બાજુ શેઠના મરણથી શેઠાણી ખૂબ જ દુઃખી થઈ વારંવાર શેઠની યાદ આવતા ચિત્ત ક્યાંય લાગતું નહોતું..... આગળ

અરે ! સંસારની લીલા વિચિત્ર છે ! ક્યારેક સંયોગ, ક્યારેક વિયોગ, સંયોગમાં હર્ષ, વિયોગમાં શોક. હકીકતમાં સંયોગ નહીં, સંયોગાધીન બુદ્ધિ દુઃખનું કારણ છે.

અહો ! આ કાળમં મુમુક્ષુ જીવને સંસારની પ્રતિકૂળ દશાઓની પ્રાપ્તિ થવી, તે તેને સંસારથી તરવાનું સાધન છે, વૈરાગ્યનું નિમિત્ત છે.

જગતમાં અનાદિનિધન વસ્તુઓ અલગ-અલગ પોત-પોતાની મર્યાદા સહિત પરિણમિત થાય છે. કોઈ કોઈને આધીન નથી, કોઈ કોઈને પરિણમિત કરાવવાથી પરિણમિત થતી નથી, તેને પરિણમિત કરાવવાનો ભાવ મિથ્યાત્વ છે.

અહો ! જગતના કણ-કણ સ્વતંત્ર છે.

જુઓ, પરિણામની વિચિત્રતા ! અપાર વૈભવની વચ્ચે રહેવાવાળા શેઠ ક્ષણમાં વાપિકાવાસી બની ગયા. એક દિવસ શેઠાણી તે વાપિકામાં પાણી ભરવા આવી તો દેકડાએ તેને જોઈ લીધી, જોતા જ તેને પૂર્વભવનું સ્મરણ થઈ આવ્યું.

અરે ! હું અભાગિયો સામાયિકની વિરાધના કરીને પાણીના વિકલ્પથી આર્ત્તપરિણામ કરી મર્યો. અરે ક્યાં શેઠ ! ને અને ક્યાં આ પાણીનો દેડકો !! ધિક્કાર ! આ દુઃખમય વિચિત્ર સંસારને, આ શું થઈ ગયું ? કોને પોતાની દુઃખભરી વ્યથા સંભળાવું ! અહીં મારી પોકાર કોણ સાંભળશે ? કોણ મારી ભાષા સમજશે ? અહો ! કઈ રીતે આ મારી પત્નીને સમજાવું કે હું જ તારો અભાગિયો પતિ છું.

આમ વિચાર કરતાં-કરતાં દેડકાની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. પૂર્વ પર્યાયનો સઘળો વૃત્તાંત સ્પષ્ટ તરવરવા લાગ્યો. તે પત્ની પ્રત્યેના અથાગ પ્રેમને યાદ

વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

કરીને, શબ્દ કરતો થકો ઉછળી-ઉછળીને તેના વસ્ત્ર ઉપર ચડવા લાગ્યો. પત્નીને ક્યાં ખબર હતી કે તે કોણ છે ? તે તો ડરીને દેડકાને પાણીમાં ધક્કો મારીને ઘર ચાલી આવી.

અહો ! જે પતિ વગર એક ક્ષણ પણ રહેવા ઈચ્છતી ન હતી, દિવસ-રાત જેની યાદમાં બેચેન રહેતી હતી, અજ્ઞાનથી તેના દ્વારા પોતાના પતિની આ દશા. અરેરે સંસાર !! ''હે જીવ ! આ કલેશરૂપ સંસારથી વિરક્ત થાઓ ! વિરક્ત થાઓ !! થોડો વિચાર કરીને પ્રમાદ છોડીને જાગૃત થાઓ ! જાગૃત થાઓ !! નહીંતર ચિંતામણિ રત્ન સમાન આ મનુષ્યદેહ નિષ્ફળ ચાલ્યો જાશે.''

આ પ્રમાણે શેઠાણી જ્યારે-જ્યારે વાપિકામાં પાણી ભરવા જાતી ત્યારે-ત્યારે દેડકો ઉછળી-ઉછળી શેઠાણી તરફ દોડતો અને શેઠાણી તેને પાણીમાં ધક્કો મારીને ચાલી આવતી—આ ક્રમ ઘણા દિવસો સુધી ચાલ્યો.

એક દિવસ શેઠાણી મનને પ્રસન્ન કરવા પોતાની સહેલીઓ સાથે ઉપવનમાં ગઈ હતી, ત્યાં અચાનક તેની દૃષ્ટિ એક શિલા ઉપર બિરાજમાન સુવ્રત નામના અવધિજ્ઞાની વીતરાગી મુનિરાજ ઉપર પડી, મુનિરાજ ધ્યાનસ્થ હતા. તેમને ધ્યાનસ્થ અવસ્થામાં જોઈ શેઠાણીને પોતાના પતિની યાદ આવી જતાં આંખમાં આંસુ આવી ગયા, તે પતિના વિરહનું દુઃખ ભુલાવવા સખીઓ સાથે મુનિરાજ પાસે ગઈ.

ધ્યાન સમાપ્ત થતા મુનિરાજે ધર્મવૃદ્ધિના મંગલ આશીર્વાદ આપ્યા, શેઠાણીએ મુનિરાજને અવધિજ્ઞાની જાણીને પોતાની સંપૂર્ણ વ્યથા કહી સંભળાવી અને બોલી—

''હે કરુણાનિધિ ! હું જ્યારે જ્યારે વાપિકામાં પાણી ભરવા જાઉં છું ત્યારે એક દેડકો શબ્દ કરતો ઉછળી-ઉછળીને મારા ઉપર આવે છે, મને પણ તેના પ્રત્યે અપાર સ્નેહ છલકાય છે, તેનું શું કારણ છે ? કૃપા કરીને તેનો સંબંધ જણાવો.''

અવધિજ્ઞાની મુનિરાજ પણ કરુણાપૂર્વક સમજાવતા થકા બોલ્યા—

''પુત્રી ! તે તારા પતિનો જ જીવ છે, આર્તપરિણામપૂર્વક કરવાથી નીચી ગતિનો બંધ થયો છે. તેને પોતાની પૂર્વ પર્યાયનું જાતિસ્મરણ થયું છે, પૂર્વના સંબંધને જાણીને સ્નેહથી તમારી પાસે આવે છે, તે પાત્ર જીવ છે, નજીકના કાળમાં પોતાના પરિણામને સુધારીને ઉત્તમગતિને પ્રાપ્ત કરશે.''

શેઠાણીએ આ જ્યારે જાણ્યું ત્યારે તેને સંસારની દશાનો વિચાર આવ્યો અને તે દેડકામાં પતિનો જીવ જાણી નીચી નજર કરી તેને સન્માનપૂર્વક પોતાના ઘરમાં લઈ આવી અને પતિ સમાન સ્નેહથી તેનું પાલન કરવા લાગી. (ક્રમશઃ)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૩૦ થી ૬-૫૦ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ : | શ્રી સમયસાર ઉપર (૧૯મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

**✻ શ્રી પંચમેરુ–નંદીશ્વર જિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :** શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૪૦મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, મંગળવાર, તા. ૧૨-૩-૨૦૨૪ થી ૧૬-૩-૨૦૨૪ શનિવાર સુધી આનંદોલ્લાસ સહ શ્રી પંચકલ્યાણક વિધાન તથા પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ ફાલ્ગુની નંદીશ્વર–અષ્ટાહ્નિકા :** ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૧૭-૩-૨૦૨૪, રવિવારથી તા. ૨૫-૩-૨૦૨૪ સોમવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.

**✻ શ્રી પરમાગમમંદિર વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :** ફાગણ સુદ-૧૩, તા. ૨૨-૩-૨૦૨૪, શુક્રવારના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૫૧મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

**શ્રી આદિનાથ જિનબિંબ પંચકલ્યાણક મહોત્સવ અંતર્ગત જમ્બૂદ્વીપના ૧૩૦ જિનેન્દ્ર ભગવંત, પ્રવચન મંડપમાં બિરાજમાન થનાર શ્રી સીમંધર ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી ભાવિ ભગવાન તથા જિનમંદિરના ઉપરી ભાગમાં બિરાજમાન થનાર ચાર બાલયતિ આદિ જિનેન્દ્ર ભગવંતની પ્રતિષ્ઠા અને શ્રી બાહુબલી મુનીન્દ્ર પ્રતિષ્ઠાપન તથા મહામસ્તકાભિષેક આદિ પ્રસંગો તા. ૧૯ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ સુધી 'ન ભૂતો ન ભવિષ્યતિ' પંક્તિને યથાર્થ સાબિત કરનાર ઐતિહાસિક, અવિસ્મરણીય, ભવ્યાતિભવ્ય અંતરના હર્ષોલ્લાસ સહ સાનંદ સંપન્ન થયા. જેમાં અનેક વિદ્વાનો તથા સાધર્મીજનોએ કે જેઓ આ પંચકલ્યાણકમાં સામેલ થયા હતા તેઓ પોતાનું અહોભાગ્ય માનતા હતા. આ પંચકલ્યાણકમાં ગર્ભકલ્યાણકથી લઈને મોક્ષકલ્યાણક સુધીની અનેક ઘટનાઓને આધુનિક ટેકનોલોજીના માધ્યમથી વિશિષ્ટતાથી દર્શાવવામાં આવી હતી. આ પ્રતિષ્ઠામાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત અધ્યાત્મજ્ઞાનને ભરપૂર પિરસવામાં આવ્યું હતું. જેના વિસ્તૃત અહેવાલ સાથે 'પ્રતિષ્ઠા સમાચાર વિશેષાંક'રૂપે આગામી અંક(એપ્રિલ–૨૦૨૪)માં પ્રગટ થશે.**

## આત્મધર્મના ગ્રાહકો માટે

આત્મધર્મના સર્વે ગ્રાહકોને જણાવવાનું કે ગુજરાતી આત્મધર્મ દરેક મહિનાની પહેલી તારીખે મોકલવામાં આવે છે તથા આપણી website : www.kanjiswami.org ઉપર મૂકવામાં આવે છે. જો આત્મધર્મ ડબલ આવતા હોય, બંધ કરવું હોય, એડ્રેસ બદલાયું હોય, whatsAppથી મંગાવવું હોય તેઓ પોતાના whatsAppથી નીચેની વિગત જણાવેલ ફોન ઉપર જણાવી શકે છે.

email : contact@kanjiswami.org

(Mo) 9276867578 – Ashishbhai / (Mo) 9737154108 – Nirmalkumar

ગ્રાહક નં......................... ભાષા : ગુજરાતી / હિન્દી

એડ્રેસ : ____________________

____________________

ગામ/શહેર ____________________

મોબાઈલ નં. ____________ સહી

હું આત્મધર્મ ચાલુ રાખવા / બંધ કરવા / whatsAppથી મંગાવવા ઈચ્છું છું. ____________

સંપાદક, આત્મધર્મ કાર્યાલય : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (જિ. ભાવનગર)

---

આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

## ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ. ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

તા. ૧-૩-૨૦૨૪

## (૧૨૬)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

૧. પ્રશ્ન : જીવ અને દ્રવ્યમાં શું ફેર ?

ઉત્તર : જીવ કહેતાં એકલું જીવદ્રવ્ય ખ્યાલમાં આવે છે અને દ્રવ્ય કહેતાં છએ દ્રવ્યો ખ્યાલમાં આવે છે.

૨. પ્રશ્ન : મોક્ષ સુખ ક્યાં હોય ? અહીં તે ભોગવી શકાય કે નહિ ?

ઉત્તર : મોક્ષ સુખ આત્માની શુદ્ધ પર્યાયમાં હોય છે અને આત્મામાં તે ભોગવી શકાય છે, મોક્ષ સુખનો સંબંધ બહારના ક્ષેત્ર સાથે નથી.

૩. પ્રશ્ન : પ્રતિજીવી ગુણ અને અનુજીવી ગુણ એટલે શું ?

ઉત્તર : વસ્તુનો જે ગુણ બીજાના અભાવની અપેક્ષા રાખે તેને અર્થાત્ અભાવસૂચક ગુણને પ્રતિજીવી ગુણ કહે છે અને જે ગુણ બીજાની અપેક્ષા ન રાખે તેને અર્થાત્ ભાવસૂચક ગુણને અનુજીવી ગુણ કહે છે.

૪. પ્રશ્ન : એકેન્દ્રિય અને નિગોદમાં શું ફેર ?

ઉત્તર : નિગોદના બધા જીવોને એકેન્દ્રિય કહેવાય પણ બધા એકેન્દ્રિયને નિગોદ ન કહેવાય.

૫. પ્રશ્ન : છ દ્રવ્યોમાંથી ખંડ દ્રવ્ય કેટલાં છે ?

ઉત્તર : છએ દ્રવ્યો પોતાના સ્વરૂપે અખંડ છે અને પરથી જુદા છે. પરમાણુના સ્કંધને ખંડરૂપ કહી શકાય, કેમકે તે સ્કંધમાંથી પરમાણુઓ છૂટા પડી જાય છે.

૬. પ્રશ્ન : રૂપી, અરૂપી, મૂર્તિક, અમૂર્તિક એમાંથી જીવને ક્યા ક્યા વિશેષણો લાગુ પડે છે ?

ઉત્તર : જીવ અરૂપી અને અમૂર્તિક છે. જડ વસ્તુનું રૂપ જીવમાં નથી તેથી અરૂપી કહેવાય છે પણ પોતાના જ્ઞાન વગેરેની અપેક્ષાએ તો તે સ્વ-રૂપી છે, જીવનમાં પોતાનું રૂપ છે. જ્ઞાન, દર્શન, વગેરે જીવનું સ્વરૂપ છે.

૭. પ્રશ્ન : બાહ્યક્રિયા અને અભ્યંતર ક્રિયા એટલે શું ?

ઉત્તર : ખરેખર જ્ઞાનની શુદ્ધ પર્યાય તે આત્માની અભ્યંતર ક્રિયા છે અને રાગ તે બાહ્યક્રિયા છે; અને ઉપચારથી રાગ તે અભ્યંતર ક્રિયા તથા શરીરાદિની ક્રિયા તે બાહ્યક્રિયા છે.

૮. પ્રશ્ન : ચૈતન્યની ક્રિયા શેમાં હોય અને શેમાં ન હોય ?

ઉત્તર : ચૈતન્યની ક્રિયા ચૈતન્યમાં હોય અને ચૈતન્યની ક્રિયા જડમાં ન હોય.

૯. ધર્મદ્રવ્ય એટલે શું ?

ઉત્તર : જે દ્રવ્ય સ્વયં ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલને ઉદાસીન નિમિત્ત છે તેને ધર્મદ્રવ્ય કહે છે.

૧૦. પ્રશ્ન : માછલીને ગતિ કરવામાં પાણી નિમિત્ત થાય છે તો પાણી ધર્મદ્રવ્ય છે કે નહિ ?

ઉત્તર : પાણી ધર્મદ્રવ્ય નથી, કેમ કે પાણી તો રૂપી વસ્તુ છે, રૂપીપણું તે પુદ્‌ગલનો ગુણ છે. ધર્મદ્રવ્ય તો અરૂપી છે.

૧૧. પ્રશ્ન : પુદ્‌ગલ દ્રવ્ય ક્યા ગુણ વડે જાણે અને ક્યા ગુણ વડે જણાય ?

ઉત્તર : પુદ્‌ગલ દ્રવ્ય જડ છે તેથી તેનામાં જાણવાની શક્તિ નથી, તેના 'પ્રમેયત્વ' ગુણને લીધે તે જીવના જ્ઞાનમાં જણાય છે.

૧૨. પ્રશ્ન : અગુરુલઘુત્વગુણ આપણને પ્રગટ છે કે નહિ ?

ઉત્તર : અગુરુલઘુત્વગુણ બે જાતના છે, એક અનુજીવી અને બીજો પ્રતિજીવી, તેમાંથી અનુજીવી અગુરુલઘુત્વગુણ તો સામાન્ય હોવાથી બધાને પ્રગટે છે, પણ પ્રતિજીવી અગુરુલઘુત્વ ગુણ તે જીવદ્રવ્યનો વિશેષ ગુણ છે. આપણને તે ગુણ અત્યારે પ્રગટ નથી, સિદ્ધદશામાં તે ગુણ પ્રગટે છે.

૧૩. પ્રશ્ન : સાતા અને અસાતાના ઉદયના અભાવથી જીવને ક્યો ગુણ પ્રગટે ?

ઉત્તર : અવ્યાબાધ ગુણ પ્રગટે છે.

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો ફેબ્રુઆરી-૨૦૨૪ના ઉત્તરો

| | | | |
|---|---|---|---|
| (૧) ચારિત્ર | (૬) પાંચ | (૧૧) ગ્રૈવેયક | (૧૬) અપકર્ષણ |
| (૨) એક | (૭) આઠ | (૧૨) અસંજ્ઞી | (૧૭) અનાયતન |
| (૩) અનધ્યવસાય | (૮) પ્રશમ | (૧૩) અત્યંત | (૧૮) નોકર્મ |
| (૪) એક સાથે | (૯) ચાર | (૧૪) જઘન્ય | (૧૯) ૧૪૮ |
| (૫) એક | (૧૦) મોક્ષ | (૧૫) અતિચાર | (૨૦) મહાવ્રત |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી – ૨૦૨૪ના ઉત્તર

| | |
|---|---|
| (૧) ભરત અને બાહુબલી બંને ભાઈ હતા. | (૧) અનંતા |
| (૨) બાવીસમાં તીર્થંકર નેમિનાથ ગિરનારથી મોક્ષ પામ્યા. | (૨) જૈન |
| (૩) મહાવીર ભગવાન પાવાપુરીથી મોક્ષ પામ્યા. | (૩) મનુષ્ય |
| (૪) સોનગઢમાં ૬૩ ફૂટ ઊંચો માનસ્તંભ છે. | (૪) સ્મૃતિ |
| (૫) 'નમો અરિહંતાણં' એ મહામંત્ર છે. | (૫) અનંતા |
| (૬) સમયસાર શાસ્ત્રમાં ૪૧૫ ગાથાઓ છે. | (૬) વિકથા |
| (૭) આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. | (૭) ૮ |
| (૮) જીવને મોક્ષ વીતરાગી રત્નત્રયીથી થાય છે. | (૮) મનુષ્ય |
| (૯) પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ ઉમરાળામાં થયો હતો. | (૯) મનુષ્ય |
| (૧૦) દિવાળીએ મહાવીર ભગવાનનો મોક્ષ થયો હતો. | (૧૦) દર્શન |

## (૧૨૬)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ત્રીજી ઢાળમાંથી મળશે.)

(૧) સુખસ્વભાવી આત્માને જાણતાં .................. થાય છે.

(૨) ............. જ આત્માનાં અતીન્દ્રિય સુખને જાણે છે.

(૩) સમ્યક્દર્શનાદિ અનંત આનંદમય રત્નો ચૈતન્યનો ................ ખોદતાં તેમાંથી નીકળશે.

(૪) જ્ઞાનીના જ્ઞાનમાં ................ નયો હોય છે.

(૫) સ્વદ્રવ્યના ................ ત્વરાથી થાઓ.

(૬) આત્માના અનુભવ વડે જ ................. માર્ગની શરૂઆત થાય છે.

(૭) વ્યવહાર મોક્ષમાર્ગ ઉપચારથી ................ નું કારણ છે.

(૮) વીતરાગ વિજ્ઞાન જ ............... નું સાધન છે.

(૯) ................ નયના આશ્રયે મુનિવરો મોક્ષને સાધે છે.

(૧૦) ............... માં હજારો શાસ્ત્રોનો ભંડાર ભર્યો છે.

(૧૧) ભગવાન સિદ્ધો અને અરિહંતો ................ સાધન વગર જ આત્માના આનંદને અનુભવે છે.

(૧૨) સુખસ્વરૂપી આત્મામાં ............... ને જોડતાં સુખ થાય.

(૧૩) ............... સમ્યક્ત્વ તે સિદ્ધદશામાંય સદાય રહે છે.

(૧૪) નવતત્ત્વને જાણે પણ શુદ્ધાત્માને ન ઓળખે તેને ............. ન થાય.

(૧૫) મોક્ષશાસ્ત્ર સંસ્કૃત ભાષામાં ...................... એ રચના કરી છે.

(૧૬) ભૂતાર્થ સ્વભાવના આશ્રયે સમ્યક્દર્શન સમયસારની ................ મી ગાથામાં કહ્યું છે.

(૧૭) જ્ઞાનચેતનાની અનુભૂતિ તે ............... આત્માનું લક્ષણ છે.

(૧૮) અવિરત સમ્યક્દષ્ટિને ................ કર્મપ્રકૃતિ બંધાતો જ નથી.

(૧૯) વીતરાગી દેવ કોણ ? (૧) ............... (૨) ...................

(૨૦) નિર્ગ્રંથ ગુરુ કોણ ? (૧) ............... (૨) ............. (૩) ................

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● ધ્રુવધામના-ધ્યેયના-ધ્યાનનની ધખતી ધૂણી ધગશ ને ધીરજથી ધખાવે તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે. ૬૧૧.

● જાણનક્રિયા પોતાનું સ્વરૂપ છે કારણ કે તેનાથી આત્મા જણાય છે માટે આત્મા તેને આધારે રહેલો છે. ૬૧૨.

● જ્ઞાનના અભ્યાસથી ભેદજ્ઞાન થાય છે ને ભેદજ્ઞાનના અભ્યાસથી કેવળજ્ઞાન થાય છે. ૬૧૩.

● પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે છે પણ દ્રવ્ય આવતું નથી અને દ્રવ્યમાં પર્યાય આવતી નથી અને તે જ્ઞાન પણ દ્રવ્ય છે તો થાય છે એમ નથી. પર્યાય પોતાના સ્વરૂપમાં રહીને દ્રવ્યનું જ્ઞાન કરે છે. ૬૧૪.

● શ્રુતજ્ઞાનનો અંશ તે શુદ્ધનય છે. તે જેના આશ્રયે પ્રગટ થાય છે તેવા સ્વભાવને પણ શુદ્ધનય કહેવાય છે અને તેનું ફળ જે કેવળજ્ઞાન છે તેને પણ શુદ્ધનય કહે છે. ૬૧૫.

● જ્ઞાનીને સમયે-સમયે જ્ઞેયસંબંધી પોતાથી થયેલા જ્ઞાનની પ્રસિદ્ધિ (મુખ્ય) છે, પરંતુ જ્ઞેયની (પ્રસિદ્ધિ) મુખ્ય નથી. અહા ! જ્ઞાન તો જ્ઞાનને પ્રસિદ્ધ કરે જ છે, પરંતુ જ્ઞેય પણ જ્ઞાનને જાહેર કરે છે...આ સત્‌ની પરાકાષ્ટા છે. ૬૧૬.

● અભેદના અનુભવમાં ભેદ દેખાતો નથી અને જો ભેદ દેખાય તો અભેદનો અનુભવ રહેતો નથી. ૬૧૮.

● અહિંસા -(શુદ્ધ આત્માના આશ્રયે) રાગની ઉત્પત્તિ ન થવી તે.

સત્ય-સત્‌ સ્વરૂપી આત્માનો આશ્રય કરવો તે.

અચૌર્ય-કોઈને ગ્રહે-પકડે નહીં તેવા અચૌર્યસ્વરૂપ આત્માનો આશ્રય થવો તે.

બ્રહ્મચર્ય-બ્રહ્મસ્વરૂપના આશ્રયે વર્તમાન વીતરાગી આનંદપર્યાય થાય તે.

અપરિગ્રહ-પર્યાયનો પણ જેને પરિગ્રહ નથી તેવા ત્રિકાળ અપરિગ્રહ-સ્વરૂપ ભગવાન આત્માનું અવલંબન લેવું તે-આ નિશ્ચય પંચ મહાવ્રત છે. (વ્રત=સ્વભાવને વિંટળાવું). ૬૧૯.

Posted at Songadh PO
Publish on 1-03-2024
Posted on 1-03-2024

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**